માનસિંહ અને અભયસિંહ

માનસિંહ અને અભયસિંહ

ભાગ ૨ જો.

છપાવી પ્રસિદ્ધ કરનાર

વલભદાસ શુંદરજી.

મુંબઈ:-

પારસી પ્રીંટીંગ પ્રેસ.

સન ૧૮૮૯.

કિંમત ૮ આના.


અર્પણ પત્રિકા.

મેહેરબાન,


ખાનબહાદુર દારાશા ડોસાભાઈ.

સિટિ મેજિસ્ટ્રેટ F. C. સુરત.

આપ વિદ્યા વૃદ્ધિને પુષ્ટિરૂપ કાર્યોમાં અહો-
નિશ સહાયતા કરવાને મોટો ઉમંગ
ધરાવોછો, તેમજ કેળવણીનાં કાર્યોને
વિશેષ્યે કરીને મદદ આપવામાં આ
ગળ પડતાછો, સત્ય અને ન્યાયી
પણું અને નિષ્પક્ષપાત જેવા
આપના ઓહ્દાને શોભાન-
તા સદ્‌ગુણોથી વિરાજ
માન છો; તથા સ્વદે-
શનું ભલું થવા
પાછળ અનતા
પ્રયત્નો
કરવા તન મન
અને ધનથી પ્રવૃ-
ત્ત રહોછો તેથી,
અને વિશેષ્યે કરી
મારી ઉપરના આપના
અપૂર્વ પ્રેમને લીધે આ
લઘુ પુસ્તક હું આપ-
ને અર્પણ કરી
સોભાવું
છઉં. વ૦ શું૦



હીરણનો મેહેલ.



લાલસિંહ ધુતારના ગામની બહારનો દેખાવ.



માનસિંહને લાલણે ખાટલાસાથે બાંધ્યો છે.

॥શ્રી॥

માનસિંહ અને અભયસિંહ.

ભાગ ૨ જો.

પ્રિય વાંચક! હવે પેલી અધૂરી રહેલી હીરણ અપસરાની વાર્તા ચાલુ કરતાં પહેલાં પ્રધાન બિરબલની યાદ કરવી જોઇએ. દિવાન બિરબલે જ્યારે હીરણના મેહેલમાં પ્રવેશ કરયો ત્યારે હીરણ ઘણાજ અદ્ભુત દેખાવ સાથે સેજ પર પડી હતી. તેણીના કેશ [illegible] મોતીથી પરોવેલા હતા, અને તેણે જે સાળુ પહેરેલો હતો તેને પણ ઝીણાં સુંદર મોતીઓ વડે અચ્છી તરેહથી શણગારવામાં આવ્યો હતો. હાથમાં બંગડી કે ચૂડીને ઠેકાણે મોતીનજ ગજરા સોવરાવેલા હતા. અને તેના ગુલાબના ફુલ જેવા શોભતા કોમળ હાથમાં બહુ મોટા કદના મોતીના દાણા લઇને સેજ પર પડી પડી રમતી હતી! સેજની આસપાસ જે ઝાલર હતી તે પણ મુક્તાફળનીજ ગુંથીને બનાવેલી હતી. સેજના ચારે પાયે ચાર પચરંગી ફૂલોના તકીયા તથા ગાલમસુરીયાં હતાં. આ ફૂલો, આ હીરણ, ને આ મોતીનાં આભૂષણોથી હીરણના મેહેલની શું અદ્ભુત શોભા બની રહી હતી! મેહેલ સંગે મરમરનાં રંગબેરંગી પાષાણોથી ચણેલો તથા પ્રત્યેક ભીંતે કાચના મોટા મોટા તકતાઓ જડેલા હતા, તેથી તેમાં એક હીરણ નહીં, પણ સેંકડો હીરણોથી દિવાનખાનું

દીપી રહેતું હતું ! આવા રમ્ય સ્થાનકે બિરબલ દાખલ થયો. બિરબલ જયાં જુવે ત્યાં તેને હીરણ, હીરણ, ને હીરાણુજ નજરે પડી. તેને માન આપવાને માટે સલામ કરવાને જેણીગમ નમે તેણીગમ તે ભોળવાઇ ભૂંઠો પડે ! ચતુરશિરોમણીમાં ગણાએલો એવો જે બિરબલ, તે આજે હીરણના મેહેલમા ગુંચવાઇ પડયો. આવા ગભરાટમાં તે હતો, એટલામાં તો હીરણ ઝબ્કી ઉઠી. તેણે અણસારાથી બિરબલને ત્યાંજ બેસવાને સુચવ્યું. બિરબલે સતીને જુહાર કરયા, ને સતીએ તેને અહીં આવ્યાનું કારણ પૂછ્યું. આ વેળાએ હીરાણની મુખવાણીથી જાણે મીઠાશ લજ્જિત થઇ હોયની એવી શબ્દ ધ્વનિ મેહેલમાં રમાણ કરી રહી. આથી દિવાનનો ગભરાટ નરમ થતાં તેની બુદ્ધિ શાંત થઇ, પણ શાહજાદાને આપેલા કોલે તેની બુદ્ધિને પાછી ચલિત કરેથી તે સાવધ થયો, ને વિનવવા લાગ્યો.”

માનસિંહે આ જગોએ વાત બંધ કરીને લાલણને કહ્યું કે “મારૂં શરીર બહુ અકડાઇ ગયું છે, માટે તે બધું ઢીલું કરેતો મને સુવાણ વળે ને વાત થાય. લાલણે ભૂલીને સગવડ કરી આપી એટલે વાત આગળ ચલાવી:—

“દિવાન બોલ્યો, બા, હું તમારા પિતાનો જુનો મિત્ર છું. જો કબુલ કરશો તો તેથી સર્વ ઊગરશે, નહિંતો સેંકડો લોથ રસ્તામાં રડવડશે. હીરણે બિરબલને એ સઘળું કહીદેવાને ફરમાવ્યું, પણ દિવાને પેહેલે-

થી તેનું વચન લીધા વગર વાત કરવામાં સાર ન જોયો. આખરે હીરણે વચન આપ્યું, એટલે દિવાને શાહજાદાનો તેણી ઉપરનો અત્યંત મોહ જાહેર કીધો. આ સાંભળી હીરણ થોડો વખત તો તદન સ્તબ્ધજ રહી. પણ પછી બોલી,—

એશું બોલ્યા આજ, વચન બિરબલ તમે;
એતો થાય અઘટતું કાજ, અમોને નવ ગમે.
હું હજી છૌં બાળે વેશ, કુંવારી કામિની;
લાગે લાંછન માયને બાપ. લાજે જામિની.
હું છું પોતે ઉત્તમ જાત, નીચને કયમ વરૂં;
પણ જાએ તમારી વાત, હવે હું શું કરૂં.

છેલ્લે હીરણે પરણવાને તો ના કહી, પણ સાત દિવસ સુધી સાત ચોપાટની બાજી શાહજાદા પાસે જઈને રમવાને કબુલ કરયું. દિવાને વિચાર્યું કે, હાલમાં એટલું એ ઘણુંછે. વળી એમાંથી પ્રેમ પોતાની બાજી આગળ ચલાવશે. આવી લાંબી બુદ્ધિએ બિરબલ, હીરણે જેમ કહ્યું તેમ કબુલ કરી ત્યાંથી ઉઠયો; પણ તેની મનોહર છબી તો તેના અંતઃકરણમાંજ છપાઈ રહી.

"બિરબલે આવીને શાહજાદાને ઉપરની સર્વે વાત કહી તેણે ચોખ્ખું કહી દીધું કે, હીરણને સાથે પરણવાની આશા તો તારે બીજા ભવમાંજ રાખવી, પણ હાલ હું તેનો ને તારો મેળાપ કરાવી આપીશ તેથીજ સંતોષ પામ. તે તારા મોહોલે સાત રાત્ર આવીને ચોસરની બાજી રમવાને કબૂલ થઈછે. હવે આટ

લે સુધી વાત આવીછે, માટે તે ઉપરાંત તારામાં જો કંઇ પુરુષાર્થ અને કલાકૌશલ્ય હશે તો તું તેને તારી પ્રિયા કરી શકીશ. પણ જો, રખેને કંઇ તેં બલાત્કાર કરયો તો એ સતી છે, તેથી તને બાળીને ભસ્મ કરી નાંખશે; માટે સંભાળીને ચાલજે.

એજ દિવસે સંધ્યાકાળનું ઝળઝળું થતાંજ, હીરણ ખૂબ ઠાઠ માઠ કરી દિવાનને કબૂલાત આપ્યા મુજબ પોતાના મેહેલથી હાથમાં રત્ન જડિત ફાનસ લઇ નીકળી:—

સાંજ સમય જ્યારે થયો, સજ્યા સોળે સાણગાર;
રતન દિવડો સજ કરી, ચાલ્યાં હીરણ અપસરા નાર.
ફાનસ હાથે ઝગમગે, થાયે ઝાંઝરનો ઝણકાર;
શાહજાદા મોહોલે જવા, ચાલ્યાં નગર ચૌટા મોઝાર.

એ પ્રમાણે રમઝમ કરતી ચમકતી વાજળીની પેઠ સડસડાટ ચાલી. શાહજાદાના મોહોલામાં પેસતાંજ કડકડાટ માળપર ચડી ગઇ, અને દિવાનખાનામાં પ્રવેષ કીધો. તેણીનું તેજ જોઇ શાહજાદો તો પોતાની ગતિ ભૂલી ગયો! ગમે એમ કરી બોલવા જાય પણ બોલાય નહીં, તેથી જેમ બને તેમ ગોટમોટ થઇ સેજ પર પડી રહ્યો. તે એના તેજથી એટલો બધો અંજાઇ ગયો કે તેનાથી આંખ ઉઘાડી ઊંચું પણ જોવાયું નહીં, તો પછી સામે માંડી રાખેલી ચોસર બાજી ખેલવા જેટલી શક્તિ તેમાં કયાંથી રહે. હીરણે ઘણીવાર સુધી વાટ જોઇ; પણ આખરે બંને બાજી પોતે એકલીએજ રમીને પુરી કીધી, ને મધ્ય રાત્રી થઇ એટલે

પોતાનું રત્ન જડિત ફાનસ લઇ પોતાના મેહેલે ચાલી ગઇ. શાહજાદો આ વીજળી રૂપ હીરણનાં સૌંદર્ય તેજથી એટલો બધો ગરક બની ગયો હતો, કે તે કયા વખતે ચાલી ગઇ તેની પણ તેને ખબર પડી નહી. હવે જ્યારે દિવાનખાનું સૂનું પડ્યું, ત્યારે કેટલીક વાર પછી શાહજાદો સચેત થયો, ને ઉભરામાંજ બોલી ઉઠ્યો,—"અરે હીરણ! અરે મારી માશુક! અરે ખરેખરી મોહિની! જો કે હું તારૂં રૂપ જોયા પેહેલેજ તારો આશક બની ગયો હતો, પણ તેની ખરી લાગણી તો મને આ ઘડીએજ થઇ, અને અરે તું ગઇ! ને આ ઝળઝળું પાછળ મૂકતી ગઇ!" મધ્ય રાત થયેલી હોવાથી ચંદ્ર માથે આવેલો હતો, તે પ્રત્યે શાહજાદો બોલ્યો, "ચંદ્રા, તું આટલો મગરૂર શાને બન્યોછે? મારી હીરણને જોઇને તારો ગર્વ ઉતાર." પછી પવન પ્રત્યે કહેછે, "અરે ઠંડા વાયુ, તું તારા વેગના ગર્વમાંજ ન ઝંપલાવ, પણ મારી હીરણને જો, કે તે કેવે વેગે ગઇછે!" એવામા દૂરથી ચકવીનો અવાજ સાંભળ્યો, ત્યારે તે પ્રત્યે કહેછે, "અરે પ્રેમ દર્દી, તું મને જો, કે મારી માશુક મારી પાસે છતાં હું કેવો અભાગિયો રહ્યો છૌં? પણ તારે તો સંતોષ પામવાનું છે, કેમકે પ્રભાતે તો તું તારા ચકવાને મળશે, અને હું તો નિશાશાજ રહીશ."

"આ રીતે પ્રાતઃકાળ થતા સુધી તે બડબડતોજ રહ્યો. સવારે દિવાન તેને રાતની ખુશાલી પૂછવા આવ્યો, તે તેના આવા હાલ જોઇને બહુ મુંઝાયો. પરંતુ

"ફિકર નહીં હજુ છ રાત્ર બાકીછે માટે ગમે તે યુક્તિ કરીશું" એવો દિલાસો આપી પાછો ગયો. પણ પેહેલી રાત્ર કરતાં શાહજાદાની હીમત કંઇ વધી નહીં, તેથી બીજી રાતે પણ હીરણ આગળની માફકજ બે બાજી પોતાની મેળેજ પૂરી કરીને ચાલી ગઇ."

હવે માનસિંહ બહુ અકળાયો, અને બોલ્યો, "લાલણ, હવે તો આ હાલતે મારાથી જરાપણ વાત થાય તેમ નથી. માટે મારેતો તું જલદીથી કટાર મારી મારા દુઃખી જીવનો છુટકો કર. જ્યારે મોતજ આવ્યું ત્યારે તો પછી રજપૂત બચ્ચો શાનો ડરે. પણ જો વાત સાંભળવી હોયતો મારા બંને હાથ બંધથી છૂટા કર. શરીર જેમનું તેમ રહેશે તો તને કંઇ ભય નથી." લાલણ બોલી, "લો હાથ છુટા કરૂં છું." વાતમાં અતિ લીન થવાથી પોતાની ગતિ, ને ઉદ્યમ ભૂલી જઇને હવે માનસિંહ ઉપર તેનું વહાલપણ પેદા થતું ને વધતું જાયછે. હાથ છુટા થવાથી માનસિંહે આગળ ચલાવ્યું:—

"બિરબલે જ્યારે જોયું કે, આ પ્રમાણે તો સઘળા દિવસ એમને એમ ચાલ્યા જશે, પણ કંઇએ વળશે નહિં. ત્યારે શાહજાદાને કહ્યું કે તું એનું મ્હોં જોતાંજ અંજાઇ જાયછે તો પછી તેની સાથે વાત કરવા જેવો તો દાવ તને ક્યાંથીજ મળે! માટે હવે તું એમ કર, કે તે જ્યારે અહીંથી ઉઠીને ચાલી જાય ત્યારે તું એની પાછળ પાછળ ગુપ્ત રીતે ચાલ્યો જા. ને તેની ચર્ચા જો. શાહજાદો બોલ્યો કે એને હું જોઇજ શકતો નથી, તો પછી એની વાંસે જાઉં ને મને

જીવતોજ ખાઇ જાયતો? બિરબલે તેને સમજાવ્યો કે, ગમે તેવી પણ હીરણ સ્ત્રી જાતિછે ને તેના રૂપથીજ માત્ર તું અંજાયોછે—બાકી તેનામાં કંઇ તને મારવાનુ પ્રાબલ્ય નથી. તું હિમ્મત ધરીશ તો તે તારા પગ પૂજશે. એમ કહી ઘણી રીતે શાહજાદાને સમજાવીને તેના દિલને ધિરજ આપી, તેથી દિવાનની યુકિત પ્રમાણે ચાલવાને તેણે સ્વિકાર્યું.—

"આ પ્રમાણે શાહજાદો, હીરણ ચોથી રાતે ચોપટના બંને દાવ ખેલીને ચાલવા માંડયું ત્યારે, તેની પછવાડે છુપી રીતે ચાલ્યો. તેણી રત્ન જડિત ફાનસ લઇ જેમ કોઇ અદ્દભુત રૂપ વાયુની સ્વારી કરી ઉડી જતું હોય તેમ પોતાના મહેલમાં ગઇ. ત્યાંથી તુરતજ મોતી ને ઝવેરના શણગાર સાથે લઇને એક કનક થાળમાં સાત લાડવા મેલી છનનન છનનન ઝાંઝરનો ઝણકાર કરતી પેલા પૂર્વે કહેલાં સરોવર ઉ-પર આવી. કિનારા પર ઉભી રહીને ક્ષણભર ધ્યાન કર્યું તો લાગલુંજ ઝળળળ કરતું આકાશમાંથી એક આશ્ચર્યકારક દિવ્ય વિમાન ઉતર્યું. એ વિમાનમાં હીરણના જેવી બીજી છ અપસરા હતી. એ સખિયોને મળીને તેમણે પેલા સુવર્ણ થાળમાંના સાતે લાડવા વેહેંચી ખાધા. એ થઇ રહ્યા બાદ સો જણીઓ પેલા કમળની ખાણ જેવા સુંદર સરોવરમાં ઝીલવા પડી. પ-રસ્પર ખુબ ઝીલ્યા પછી બાહાર નિકળી નવા શણગા-ર પેહેરી તેઓ વિમાનમાં ચઢી બેઠાં, ને એકાએક વિમાન સડસડાટ આકાશ માર્ગે ચાલ્યું ગયું! શાહજા-

દા આ કૌતુક જોઇ પોતાને મોહોલે આવ્યો. બીજે દિવસે દિવાનને એ સર્વ વિગત જણાવી. પ્રધાન આશ્ચર્ય પામી બોલ્યો, "શાહજાદા એતો ઠીકછે. હવે આવતી કાલે તેઓ ન જાણે તેમ વિમાનમાં તું પણ ચઢી બેસજે, ને તે કયાં જાયછે તે જોજે. કદાચ ઇંદ્રને ત્યાં ગાયન કરવા જતી હશે, ને પેલી ૭ સખિયો તેને બોલાવવા આવનારી અપસરાઓ હશે. વારૂ ત્યારે હું તને એક યુક્તિ બતાવું તે અમલમાં લેજે, અને આજ રાતે જ્યારે તેણી થાળ સરોવર કિનારે મૂકી આંખો મીંચી વિમાનનું ધ્યાન ધરે તે વખતે તે ન જાણે તેમ તેમાંથી એક લાડવો ઉપાડી લેજે; ને પછી જ્યારે તેઓ સાતે સરોવરમાં પડે તે વખતે નજર ચુકવી વિમાનમાં ઓથે ભરાઇ બેસજે. પછી વિમાનની સાથે તું પણ ઇંદ્ર સભામાં જઇ શકીશ, ને ત્યાં જે જે ચર્ચા જોઇશ તે તે સઘળી તને બહુજ કામ લાગશે." આ પ્રમાણેની વાત બરોબર ધ્યાનમાં લઇ શાહજાદાએ તેમ કરવાનો નિશ્ચય કીધો. રાત્રે હીરાણ આવી, અને બંને દાવ ખેલી જેવી ઉઠીને ચાલી કે તુરત શાહજાદા તેની પૂંઠે પડયો. થાળ સરોવર તીરે મૂકીને સખીયોને તેડેછે તેટલામાં શાહજાદાએ બિરબલની શિખામણ મુજબ તેમાંથી એક લાડવો ઉઠાવી લીધો, ને સૌ સખિયો જળમાં નહાવા પડયા પછી તુરત તે વિમાનમાં ગુપ્ત રીતે ભરાઇ બેઠો. સખિયો સરોવરમાંથી નિકળીને જોયછે તો એક લાડવો ઘટયો. ત્યારે હીરાણે એમ ધાર્યું કે કદાચ ઉતાવળમાં એક

ભૂલી ગઇ હોઇશ. પછી બાકીના છએ વેહેંચી લેઇ વિમાના રૂઢ થયાં. વિમાન આકાશમાં જેમ પૂછડીઓ તારો ઉડે તેમ ઉડી ગયું, ને એક ઘટિકા માત્રમાં સ્વર્ગમાં જઇ પહોંચ્યું. જ્યારે શાહજાદો સ્વર્ગની શોભા જોવા લાગ્યો, ત્યારે તો તેની બુદ્ધિ બાવરી બની ગઇ. તેની આશ્ચર્યતાની હદ આવી રહી. જ્યાં જોય ત્યાં વીણા, સીતાર, મહુવર, તંબુરા સારંગી વગેરે સાજોના મનને તલ્લીન કરી નાંખનારા સૂરો રૂનઝુન થઇ રહેલા હતા. જ્યાં જોય ત્યાં ગાંધર્વ ને અપસરા પ્રેમરસમાં ચકચુર પડેલાં છે—આવે સ્થળે હારાણુ અને તેની સખિયોની પાછળ પાછળ ચાલતાં તે એક રંગમેહેલને આંગણે આવ્યો. આ મેહેલ તદન દિવ્ય રચનાથી રચેલો, તેમજ દેવતાઓ અને ગાંધર્વો-થી ચિકાર ભરેલો હતો. તે સુંદર રંગમેહેલમાં મધ્ય સ્થળે મયુર સિંહાસન ઉપર ઇંદ્ર રાજા કે જે ઇંદ્રાસનના ધણી અને સર્વ દેવતાઓના પતિ કહેવાય છે તે બિરાજેલા હતા, ને તેમની સમક્ષ રૂપયૌવન અને લાવણ્ય યુક્ત ગુણવાન અપ્સરાઓ થેઇ થેઇકાર મચાવી રહી હતી. ગાયનના સૂર તથા નાચતી વખતે પગના ઘુઘરા અને વાજિંત્રોના એકેક કરતાં ચઢિયાતા શબ્દોનો એવો તાલ મળી ગયો છે કેતેથી પવન સરખો ચંચળ દેવ પણ પોતાની ગતિ મૂકી દઇ મોહિત થઇ ગયો છે! વિજળી પણ જાણે એક સ્થંભની માફક બની ગઇછે! મેઘ નિર્મળ અને શિથિળ થઇ ગયો છે! મલાર ઇંદ્રના ઉપર મેઘાડંબર છત્ર ધરી

રહ્યો છે ! વસંત પંખો હુલાવી રહ્યો છે ! એવે સમયે અથાગ રૂપ અને ગાયનના ગુણોથી ભરપૂર યુવાન અપસરાઓ અનેક તરેહના અંતઃકરણને મોહિત કરી નાંખે એવા તાનો સાથે અલાપો કરીને નૃત્ય તથા ગાનય કરેછે ! આ પ્રમાણે ગાયન ચાલી રહ્યું હતું તેવામાંજ પેલી સાતે સખિયોની પાછળ શાહજાદા વગેરે ત્યાં જઇને ઉભા. હીરણને જોઇને ઈંદ્ર મહારાજે હસીને આસન દેખાડ્યું. અહીં શાહજાદા તેની પાછળજ બેઠો. પછી બે ઘટિકા બાદ હીરણે ગાયન સરૂ કીધું; પણ તબલચીની જગો તો શાહજાદા રોકી બેઠો હતો તેથી તબલચીની રાહ ન જોતાં તેણેજ આ વખતે રંગમાં ચકચુર થઇ તબલો વગાડવા માંડ્યો. તે પ્રેમનો મારેલો હતો તેથી આ સમયે તેના વગાડવામાં પ્રેમનાજ પડઘા ઉડ્યા. આ એક સાધારણ નિયમજ છે કે બજનૈયાઓ હોશિયાર હોય તો તેમના વગાડવાથી ગવૈયાને વધારે ટેકો મળી ઉમંગ ચડેછે. તો પછી શાહજાદા જેવો બાહોશ પ્રેમ દર્દી બજવૈયો થયો એટલે હીરણના ગાનમાં પૂછવુંજ શું ? તબલા પર થાપે થાપ પડતાં હીરણને રોમ રોમ શુર ચડ્યું, તેથી ગાંધર્વો પણ અજાયબીથી વાહ વાહ કરી રહ્યા ! ઇંદ્રનું ઇંદ્રાસન પણ તેના ગાયનની ધૂનિમાં નાચવા લાગ્યું ! અને શાહજાદા તબલચીની ઉમંગ ભરી થાપોથી હીરણ સિંહણ સમાન ઘુમી રહી ! આ વેળા ઇંદ્ર વાહ, વાહ, કરતો ઉઠ્યો, ને તબલચીના ઉપર પોતાને હાથે મોતીનો દડો ફેંક્યો. હવે ચાલતી રાગ-

ણીનો સમય ઉતરી નટ રાગનો સમય થયો તેવીજ શાહજાદાએ પણ તે રાગની થાપ લીધી, કે તરત હીરણ નટમાં ઉતરીને ઉમંગમાં ને ઉમંગમાં શાહજાદાને પોતાનો રૂમાલ આપી નટની છાયા ઘુમાવી. શુર ચઢયું—તાને બાણુ કરતાં પણ જ્યારે તાણુ માર્યું ને તબલા ઉપર તો જાણે ગિરિ નાચવા લાગ્યો! ઇંદ્ર તો એટલો ખુશી થઇ ગયો કે હીરણને સોળે સાણુગાર ભેટ કીધા, ને તબલચીને પોતાની અદ્ભુત કટાર આપી. હીરણે પણ આજનો સઘળો ઓચ્છવ તબલચીની હુંશીયારીથીજ થયેલો જાણી પોતાનો નવેસરહાર શાહજાદાને આપી દીધો. હવે પ્રભાતનો સમય થવા આવ્યો એટલે ભૈરવી રાગ મચાવવાને ગાંધર્વ આવીને ઉભો. આ સમયે હીરણ પ્રણામ કરી પોતાની સખિયો સાથે ઉઠી ચાલી શાહજાદો પણ ગુપચુપ આગળ જઇ વિમાનના ખાનામાં સંતાઇ પેઠો ને સરોવર કિનારે ઉતરી સડસડાટ પોતાને મોહોલે ચાલ્યો ગયો. હજી તો પોતે પોશાક દુર કરી જરા વાર પલંગપર આરામ લેછે એટલામાં દિવાન આવ્યો, ને તેની આગળ શાહજાદાએ આજ રાત્રીનું સર્વ વૃત્તાંત યથાર્થ કહી સંભળાવ્યું. તે સાંભળતાંજ દિવાન ખુશી થઇ તેને શાબ્બાશી આપી બોલી ઉઠયો કે, "આજ રાતે હીરણ બાજી ખેલવા આવે ત્યારે તું ઉઠજે ને બાજી ખેલજે. ને રમતાં રમતાં આ સઘળી વાત તને જાણે કંઇ સ્વપ્નું થયું હોય તેમ તેની આગળ વર્ણવજે. એ વૃતાંત સાંભળતાંજ લજ્જા પા-

મીને તે તે બાજી હારી જશે. પણ આખરે એ વાત માત્ર સ્વપ્નું છે, એમ કહી તે તને ઉડાવશે, ત્યારે તે વખતે તું, પેલો લાડવો, મોતીનો દડો, કટાર, રૂમાલ એ સર્વ ચીજો તેના મ્હોં આગળ ધરજે. એટલેથી જ બસછે. એથી તે વગર આર્જવે તારી દાસી થઇ રહેશે. હવે રાત્રિના હીરણ આવી કે તુરત તેનાથી ન અંજાઇ જતાં બાજી સરૂ કીધી, અને પેલી સર્વ વાત ખુબ અચંબા સાથે તેની આગળ કહેવા માંડી. રમતાં રમતાં હીરણનું ચિત્ત વાતમાં ચોંટયું, અને એ વાત જડેજડ ખરી લાગવાથી અને તેજ પ્રમાણે ગઇ રાતે બનેલું હોવાથી તે બહુ વિમાસણમાં પડી. આ વિમાસણને લીધે હીરણ દાવમાં પાછળ પડી ગઇ અને બાજી પૂરી થતાં તે હારી ગઇ. હવે ગ્લાનિ પામીને કહેવા લાગી કે "તે વાત બીજું કંઇજ નહીં, પણ માત્ર તમોને લાગેલું સ્વપ્નું છે" એમ કહી ઉઠી ચાલતી થવા જાયછે કે લાગલોજ શાહજાદો બોલી ઉઠયો, "જો એમજ હોય, અને મેં કહેલી વાત એ માત્ર મારૂં સ્વપ્નુંજ હોયતો ઉભાં રહો, હું તે તમારી નજર આગળજ સિદ્ધ કરી આપુંછું." એમ કહી લાગલોજ પોતાની પેટીમાંથી લાડુ, મોતીનો દડો, રૂમાલ, હાર, વગેરે વસ્તુઓ તેની નજર આગળ હાજર કરી! આ જોઇ હીરણને ઘણું આશ્ચર્ય લાગ્યું, ને રાત્રે જે તબલચી હતો તે આ શાહજાદોજ છે, એમ ખાત્રી થવાથી તેને ઘણો પ્રેમનો ઉભરો ચઢી આવ્યો, તથા તેની બાહોશીને માટે ખરી લાગણી થઇ આવવાથી



ઈંદ્રસભામાં હીરણ નાચ કરેછે અને શાહજાદો તબલો વગાડેછે.

તેણી એકદમ શાહજાદાને ભેટી પડી, અને બોલી, "મારા સાચા આશક, તુંજ મારો ખરો દિલદાર અને પતિછે, માટે આજથી હું તારી પટરાણી થાઉં એવી આ ગરીબ દાસી ઉપર રેહેમ કર."

આટલું બોલતાંજ માનસિંહે ઢીલા બંધથી ખલાસ થઇ સિંહની મારૂક ફાળ ભરીને દુર પડેલી પોતાની શિરોઇની તરવાર ઉઠાવી લીધી. આ જોઇ લાલણ, કે જે આ વાર્તા સાંભળતાં શાહજાદા અને હીરાણના પ્રેમથી તલ્લીન થઇ ગઇ હતી તે તુરત ઉઠી, અને માનસિંહને ખુબ દૃઢ આલિંગન કરી વળગી પડી. તે બોલી, "સ્વામીનાથ, હું પણ તમારી ગુનેગાર દાસી તમારા પગ ઉપર પડુંછું, ને તે ખરા આકીનથી. તમે આજથી મારા સ્વામી, ને હું તમારાં ચરણનું સેવન કરનાર દાસી છું." એમ કહી તેની કોટે ટીંગાઇ રહી. વળી બોલી, "સ્વામીનાથ, હવે મને તમે મારો, ચાહે ઉગારો; પણ હું હવે કદી દગો કરવાની નથી. આકાશમાં તારાઓ જો કે આંધાણીમાં ઢંકાયછે, પણ પોતાની જાતથી ઓછા થતા નથી, તેમ જો કે દુર્તવિધાના મહા ઘાતકી ઢોંગે હું ઢંકાઇ હતી, તોપણ આખરે અમળા પ્રેમાગ્નિન એકની એકજ જાત છું. હું આજથી આપને શરણે છું, ને મેં સઘળો લોભ આજથી તજ્યોછે. જે કટારી મેં તમને મારવાને ઉગામી હતી, તેજ કટારી હવે મારા દુષ્ટ પિતાના પેટમાં મારૂં, કે તેણે પોતાના સ્વાર્થને માટે મને આ ઘાતકી ધંધો શીખવી ભ્રષ્ટ કીધી હતી." આ વેળા

લાલણની છબી બહુ પ્રકાશતી હતી. ચોટલો છુટી જઇ નાગણની માફક લટકતો હતો, પ્રેમના આવેશમાં આવવાથી ગાલપર સુરખી આવી ગઇ હતી, આંખો ચપળ થઇ ચરક ચરક કરી રહી હતી. પછી તેણીની આંખમાં ખુન ભરાઇ આવ્યું, ને હાથમાં કટાર લઇ ખરેખર તેના બાપને મારવાને તે ચાલી. માનસિંહે તેના બાપને ન મારવા માટે તેણીને બહુ બહુ સમજાવી, ત્યારે કબુલ કર્યું કે જો મારો બાપ ધુતવાનો ધંધો મૂકી દેવાનું વચન આપશે તોજ તેને જીવતો મૂકીશ. એટલું કહી લાલણ પોતાના બાપ લાલસિંહની કચેરીમાં આવીને ઉભી રહી. તે એકદમ બોલી, "રે ઘાતકી પિતા; આજે જે જુવાન આવ્યો છે તેને હું વરીશું. અને જો તું મારો બાપ હોયતો આજથી આ દરિદ્રતાનો ધંધો તજી મનુષ્ય થા; નહિતો તું મારો બાપ નહિ, ને હું તારી દીકરી નહિં. આ કટારી જો– જલદી બોલ; કાંતો માનવી થાવાનું કબૂલ કરાવુંછું કે કાંતો આ કટારી વતે તને નાબુદ કરૂંછું."

લાલસિંહ પોતાની દિકરીની આવી યોગિણી જેવી કાંતિ જોઇ બીહીનો, અને તેણે જેમ કહ્યું તેમ કબૂલ કરી સોગન ખાધા. બીજે દિવસે લાલસિંહ પોતાના જમાઇને મળ્યો, અને પછી રાજ્ય રીતભાતથી પોતાની દીકરીના વિવાહ કર્યા. લાલણ તથા માનસિંહે બંનેએ ખરા સ્નેહથી ઘણા દિવસ આનંદમાં ગુજાર્યા; પણ પછી માનસિંહે યાદ કર્યું કે જ્યારે બાપે મને દેશવટો આપ્યો, ત્યારે તો મારે કોઇ રાજ્યની

ચાકરી કરવી, કે કોઇ નવું રાજ્ય સ્થાપવું જોઇએ. પણ આમ પડી રહીને સાસરિયાંનું ખાવું મને શોભે નહીં. પછી બીજેજ દિવસે પોતાની સ્ત્રીને આ વિચાર જણાવી રજા માગી. સ્ત્રીએ એ સાંભળી બહુજ કલ્પાંત કર્યું, પણ તે ફોકટજ:—

કંથ કસુંબે મોળીએ, કામિની બાળે વેશ;
છેલ મુજને છોડી ચલ્યો, પ્રીતમ જાય પરદેશ.
તમ વિનાનાં એકલાં, સૂનાં દીસે શેહેર;
ભોજનતો ભાવે નહીં, અનડાં કડવાં ઝેર.
સજ્જન પ્રીત લગાડિને, દુર વિદેશ ન જાઓ;
રહોને આપણા શેહેરમાં, શ્રીહરિ આપે તે ખાઓ.

એ પ્રમાણે લાલણે ઘણું કહ્યું, પણ માનસિંહ પોતાના વિચારમાં દ્દઢજ રહ્યો, ને અંત્યે ચાલી નિકળ્યો. પોતાને પતિનો વિયોગ થયો માટે લાલણે તેજ દિવસથી શય્યા, શણગાર, મીઠાં ભોજન, કાજળ, વગેરે વસ્તુઓ તજી દીધી. ને પેહેલાં માનસિંહની પ્રત્યે તેણી જે જે ધુતબાજીથી જુઠાં જુઠાં પ્રેમનાં વચન બોલી હતી તે હવે ખરા અંતઃકરણથી પાળવા માંડયાં. માનસિંહ ચાલ્યો ચાલ્યો કેટલાક મહિને કોઇ ચંદ્રાવતી નામના શેહેર નજીક જઇ પહોંચ્યો. હવે એ ચંદ્રાવતી નગરીનો રાજા મરણ પામવાથી તેનો નિર્વંશ ગયો હતો, તેથી તેની પછવાડે ગાદીપતિ કોને કરવો, એ વિષે તકરાર ઉઠી. અંતે સર્વ દિવાનોએ એકે મતે ઠરાવ કીધો કે અમુક સારા મુહુર્તને દિવસે મળસકામાં જે પરદેશી ઉગમણા દરવાજામાં થઇ પે-

હેલો શેહેરમાં પેસે તેને રાજ સોંપવું. દૈવયોગે આપણો રાજકુંવર માનસિંહજ તે દિવસે ઉગમણ દરવાજે થઇ પેહેલો નગરમાં પેઠો, તે જોઇ દિવાનોએ તેનેજ ચંદ્રાવતી નગરીનું કુલ રાજ્ય સોંપ્યું! વાહ! શું ઇશ્વરની ખુબી! સિંહનાં બચ્ચાં હાથીનોજ શિકાર કરે; ને રાજ્યબીજ રાજ્યજ કરે; તેમ આપણા માનસિંહને દૈવ કૃપાથી રાજ્ય પ્રાપ્ત થયું!


હવે પ્યારા વાંચક, માનસિંહને તો રાજ્યપદ પ્રાપ્ત થયું, ને એતો હવે પરમ સુખી થયો, પણ બિચારા અભયસિંહનું શું થયું હશે, તે જોઇએ:

અભયસિંહ સતી રંભાવતીને સમજાવી શાંત કરી ઘોડો ખેડતો ચાલી નિકળ્યો. ઘણા દિવસ પર્યંત પોતે બીજાં અનેક શેહેરો, નગરો, ગ્રામો, નદીયો, પર્વતો ને વનોમાં મુસાફરી કરી ફરતો ફરતો છેવટે તે પણ આ ચંદ્રાવતી નગરીએ આવી રહ્યો. ભાગોળ આગળ આવ્યો ત્યારે રાત્રિ ઘણી ગઇ હતી, ને દરવાજા બંધ થયા હતા, તેથી તેણે પોળ આગળજ ઉતારો કરયો. તેનો ઉમદા પોશાક ને ઘોડો જોઇ ચોકિયાતોએ તેની ખાતર બરદાસ્ત કરી, ને પોતા પાસેનો મિઠાઇ મેવો નાસ્તો કરવા સારૂ આપ્યો. અભયસિંહ ઘણે દુરથી ચાલ્યો આવતો હતો તેથી થાકેલો હતો, એટલે થોડું ઘણું ટીમણ કરી હથિયાર છોડીને પડખે મેલી ઊંઘી ગયો. ચોકિયાતો તેનાં આભુષણ ને હથિયાર જોઇને લલચાયા. એટલે અભય પૂર નિદ્રાવશ થયો, કે તે બિચારા નિર્દોષના ઉપર હથિયાર

લઇને તૂટી પડયા. મારતાં મારતાં તે છેક મુડદા જેવો થઇ રહ્યો એટલે તેને લૂટી લઇ તેના લોથપોથ થઇ ગયેલા શરીરની એક ગાંસડી બાંધી દરવાજા પાસેના ખાડામાં નાંખી ને નિરાંતે સૂઇ ગયા.

વહાણું વાયું ને શેહેરના કુંભારોનો પટેલ પોતાના નિભાડાને સારૂ માટી ખોદી લેઇ જવાને આવ્યો, અને ખોદવામાટે પેલા ખાડામાં ઉતરયો, તો ત્યાં તેણે એક માનવીના શરીરની લોથની ગાંસડી પડેલી જોઇ. તે તેની પાસે જઇને જુએછે તો શરીર તદન મોજડો થઇ ગયેલું હતું, છતાં જરા જરા શ્વાસ ચાલતો હતો. આથી કુંભાર તેને ઉપાડી પોતાના ગધેડા પર લાદી પોતાને ઘેર લાવ્યો. લાગલાજ તેને લગતા ઉપાયો કરવા માંડયા, અને શરીરને જલદી ટટાર કરનારાં ઔષધો ઉપરા ચાપરી કરવા માંડયાં. એમ કરતાં ઘણા દિવસે તે સાજો થયો અને એ કુંભારને વય પહોંચેલું છતાં કંઇ છોકરૂં છૈયું ન હોવાથી તેણે અભયસિંહને પોતાનો દીકરો કરી લીધો. અભયસિંહ પણ આ વેળા પોતાની પદવીનો ખ્યાલ ન કરતાં પોતે કુંભાર થઇનેજ રહ્યો. જે દિવસે તેનાં પગલાં પટેલને ઘેર પડયાં તે દિવસથી તેને તો લીલાલેહેર થઇ રહી. અભયસિંહ રોજ પોતાના ધર્મપિતા સાથે કુંભારના કામકાજમાં પણ ભેળાતો હતો, ને તે વડે સર્વ કારભાર પોતે ચલાવી કુંભારની નાતમાં બહુ યશ પામ્યો. તેની પ્રૌઢ વર્ત્તણુકથી ત્યાંના કુંભારોમાં પણ ઘણો સારો સુધારો થયો.

એ સૌ ખરૂં, પણ તેના નસીબમાં દેશવટાની મુદત કંઇ આમ એકાંત વાસે ગુજારવાની ન હતી. એક સમયે એવું બન્યું કે, શેહેરમાંના બે વેહવારીયા નામે ઝવેરચંદ ને સૂરચંદ, એઓએ વહાણ બંધાવી તેમાં લાખો રૂપીઆનો માલ ભરયો, અને પરદેશમાં વેહેપાર કરવા જવા માટે વહાણ હંકારવાની તૈયારી કરી. પણ વહાણ કંઇ અવયોગમાં બાંધવામાં આવેલાં હોવાથી હંકારતી વખતે ત્યાંથી જરાએ ખસતાં નથી. જોશીઓ પાસે જોશ જોવરાવ્યા, ત્યારે તેમણે કહ્યું કે, એને કોઇ બત્રીશલક્ષણા પુરુષનો ભોગ આપવો પડશે. હવે ઝવેરચંદ ને સૂરચંદ બે ભાઇ નગરશેઠ હતા, તેમજ દીવાનના સગા હતા, એટલે તેમને તો કોઇ બત્રીશલક્ષણો નજરે પડવાનીજ વાર હતી. કોઇ ગરીબને ત્યાંથી બત્રીસો પકડી લાવવાને માટે તેમનાં માણસો આખા શેહેરમાં ફરતાં ફરેછે. તેવામાં અભયસિંહ પટેલની દેવડીએ દાતણ કરવા બેઠોછે, ત્યાં પેલા વેપારીઓના અનુચરો આવી ચડ્યા. તેઓએ એને જોઇનેજ પારખ્યો કે આ બત્રીસો છે કે તુરત બેધડક પટેલ પાસે જઇને તેની માગણી કરી. “ભાઇ, પટેલ, અમારા શેઠનાં વહાણોને અવયોગ નડ્યોછે તેને સારૂ અમને આ પુરુષ આપ, ને તેના બદલામાં તારે જોઇએ તે દામ લે.” પટેલે તો પેલાઓને ખુબ દમ ભરાવી ધમકાવી કાઢ્યા. કે “અરે મૂરખો, કોઇ પોતાનો દિકરો વેચતું હશે?” ચાકરોએ ત્યાંથી જઇ પોતાના શેઠને જણાવ્યું. વાણિયાઓ આ સાંભળી



અભયસિંહને વાણીયા મારવા લઈગયાછે. ત્યાંહાં અભય સિંહ પોતાની આંગલી કાપેછે.

લાગલા દિવાન પાસે ગયા, ને તેની તરફથી સિપારસ કરી બત્રીસાને લઇ જવાનો હુકમ લઇ આવ્યા, પણ કુંભારે તેઓનું પણ કંઇ ગણકાર્યું નહિં. પછી થોડાક સિપાઇઓ સાથે કોટવાળને તેને ત્યાં મોકલ્યો, તો તેને પણ સઘળા કુંભારોએ એકઠા થઇ હાંકી કાઢ્યો. આથી દિવાને જઇ રાજાને કહ્યું, રાજાજી સાંહેબ, આપણા શેહેરના નગરશેઠીઆઓના વહાણને બત્રીસાનો ભોગ જોઇએ છીએ. તે આપણા કુંભારને ત્યાં એક પરદેશી છે, પણ તેને દામ આપવા કહીએ છીએ છતાં પણ તે આપતો નથી, ને સામે ટક્કર લેછે. પોતાનોજ છોકરો હોય, કે નાત જાતનો હોય, તો જાણેકે વાત જુદી છે, પણ આતો પરદેશી છે, તેને પણ આપવાને માટે તેઓ હઠ કરેછે એ કેવો જુલમ? ત્યારે શું, તેટલા માટે નગરશેઠોનાં વહાણો અટકી રહે? ને લાખો રૂપીઆનો માલ રોકાય?" રાજાને કાન ખરા પણ સાન નહીં, તેથી દિવાનના આ અવળા સમજાવવાથી બોલી ઉઠ્યો, "જાઓ સ્વારો મોકલી પકડાવી મંગાવો." લાગલાજ રાજાના સ્વારો કુંભારિયાપોળ આગળ આવી પહોંચ્યા. કુંભાર બીહીનો કે રખેને મારા છોકરાને મારી નાંખે, તેથી તેને એક કોટડીમાં પૂરી લડવા સામા થયા. કોટડીમાં અભયસિંહે વિચાર કીધો કે, આ બિચારાં ગરીબ કુંભારો મારે ખાતર મારયા જાયછે, ને હું રજપૂત બચ્ચો કાયર થઇને સંતાઇ રહ્યોછોં. અરે! ધિક્કારછે મને. એમ વિચાર કરી સૂર ચડાવી સજ થયો, ને

સિંહ જેમ ફાળ મારે તેમ એકાએક છાપરૂં ફાડી બાહેર નિકળ્યો. તથા એકાએક ધસી આવી સામા ઉભેલા સવારોમાંનાજ એકના હાથમાંથી તરવાર ખેંચી લઇ જેમ વાડ કાપે તેમ સઘળા સિપાઇઓને કાપી નાંખ્યા. બાકીના તો કાછડી હાથમાં લઇનેજ નાઠા. રાજાને ખબર થઇ તો તેણે એકદમ કુંભારો ઉપર ૫૦૦ મોગલ સવારો મોકલ્યા. તેઓ સાથે કેટલીક વાર સુધી ટક્કર લીધી, પણ આખરે એક આદમીનું શું ચાલે? અંત્યે અભયસિંહને તેઓએ બાંધીને વેહેવારિયાઓને સ્વાધિન કીધો. વેહેવારિયાઓ તેને સમુદ્ર કિનારે લઇ ગયા, અને હરામખોરને તેનો શિરચ્છેદ કરવા બોલાવ્યો. આ જોઇ અભયસિંહ બોલ્યો. કે, "શેઠીઆઓ, તમારે તમારૂં વહાણ ચલાવવા સાથેજ કામછે કે મારો જીવ લેવોછે?" વેહેવારિયા બોલ્યા કે, "ના ભાઇ, અમારૂ વહાણ ચાલ્યું એટલે બસ; અમને બીજી કશી ગરજ નથી." અભયસિંહે કહ્યું કે "મને મોકળો કરો તો હું તમારાં વહાણ ચલાવી આપું." તેઓ બોલ્યા કે– "હા, ખરીજ વાત તો. તને છોડિએ તો પછી અમારી શી દશા? તારૂં સૂરાતન કાં અમે જાણતા નથી, કે તને અમે છોડિએ. વળી પાંચ પચાસ માણસોનાં ધડ માથાં જુદાં થાય ત્યારેજ કે નિ?" અભયસિંહે આગ્રહ કીધો કે "મને બંધનમાંથી એક જરા જેટલોજ મુક્ત કરો તો બિન હરકતે હું તમારાં વહાણ ચાલતાં કરૂં." ત્યારે વાણીયા બોલ્યા, "ભાઇ, હવે બચવાની આશા

મૂકી ઇશ્વર સ્મરણ કરવું હોયતો કરી લો, નહિંતો આ ઝટકો પડ્યોજ." અભયસિંહે સોગન ખાધા કે કશો દગો કરૂં તો મને સૂર્યનારાયણના સમ, સમુદ્રના સમ. ને મારા સાતપેઢીના સોગન એ વગેરે ઘણા અઘરા સોગન લીધા, ત્યારે વેહેવારિયાઓને વિશ્વાસ આવ્યો ને તેને છોડ્યો. અભયસિંહ છુટતાંજ સમુદ્રમાં સ્નાન કરવા ઉતર્યો. પછી સૂર્યનારાયણનું સ્તવન કરી પોતાની ટચલી આંગળી પર ઘા કરી લોહીનાં ટીપાંથી વહાણના સુકાન ઉપર ચાંદલા કીધા. તેવુંજ વહાણ સડસડાટ ચાલ્યું ! વેહેવારિયાઓએ આ ચમત્કાર જોઇને વિચાર્યું કે આ કોઇ જાદુગર હશે. ને વખતે જાદુથી વહાણ ચલાવ્યું હશે, તેથી કદાચ વહાણ મધ્ય દરિયે ગયા પછી રોકે તો નહિ ? માટે એને વહાણમાં સાથેજ લઇ ચાલો; એટલે જો કંઇ નજરબંધી હશે તો પછી એજ સહાય કરશે. તેથી વેહેવારિયા બોલ્યા કે, "ના ભાઇ, અમને તારા પર વિશ્વાસ નથી. માટે કાંતો તને મારવો કે કાંતો અમારી સાથે લઇ જવો." પછી અભયસિંહ તો તેઓની સાથે લાચારીથી વહાણની મુસાફરીએ ચાલ્યો.

વાયરો સીધો હોવાથી વહાણ સપાટાબંધ ચાલ્યું, ને જાવા બંદરે પહોંચતાં ત્યાંના બારામાં નાંગર્યું. આથી પણ વાણિયાઓને તો વધારે શક આવ્યો કે વહાણ એને લીધેજ આટલું જલદી ચાલ્યુ હશે.

હવે જાવામાં ગયા તો ત્યાં વળી એક બીજુંજ

કૌતુક બન્યું. જાવાના રાજાને હંસાવળી નામની એક કન્યા હતી, તેનો આ વખતે સ્વયંવર રચાએલો હતો. દેશે દેશના રાજકુમારો મંડપમાં બિરાજ્યા હતા, તેઓમાં આ વેહેવારિયાઓ પણ જઇને બેઠેલા હતા. તેઓએ અભયસિંહને પછવાડે ઉભો રાખ્યો હતો. સ્વયંવર અનેક રીતોથી થાયછે, ને તેમાં ગમે તેથી પ્રતિજ્ઞા કરવામાં આવેછે; માટે આ હંસાવળીના સ્વયંવરમાં એવી સરત હતી કે, એક સુંદર હાથણી શણગારી તેની સુંડમાં પાણીથી ભરેલો સોનાનો કળશ પૂજા કરીને આપવો, અને તેને છુટી મૂકવી. હાથણી પોતાની મેળે જે પુરુષના શિરપર એ સુવર્ણ કળશ ઢોળે તેને એ કન્યા વરે. હવે હાથણીને ખૂબ શણગારી સુવર્ણ કળશ તેની સૂંડમાં આપ્યો, ને તેને છુટી મેલી. હાથણી કળશ લઇ આખા મંડપમાં ચારે તરફ ઘૂમીને પાછી વળી, ને જ્યાં પેલા વેપારીઓ બેઠેલા હતા તેણીગમ આવવા લાગી. તેને આવતી જોઇ વેહેવારિયા ઝવેરચંદ ને સૂરચંદ ટટાર થઇ માથાં આગળ કરયાં, પણ હાથણીએ તેઓ તરફ વળીને જોયું પણ નહીં, ને પછવાડે જ્યાં અભયસિંહ ઊભોછે ત્યાં જઇ તેના ઉપર ધડધડ કળશ ઢોળ્યો. વેહેવારિયા એકદમ બોલી ઉઠયા; "અરે, એતો નોકર માણસછે, નોકર માણસછે, હાથણી ભૂલી." એમ કરી અભયસિંહને છેક મંડપની બહાર દૂર મૂકી આવ્યા. ફરી હાથણીને શણગારી, ને કળશ ભરી આપી રાજકુંવરીએ તેને આર્જવ કરી ખૂબ નમ્રતાથી કહ્યું, "હે કરીણી હે હસ્તી

ની માતા! મારે માટે સુંદર મધુવર શોધી દેજે!" આ વખતે પણ હાથણી ડોલતી ડોલતી પાછી આખો મંડપ ફરી, પણ કોઇને ભાગ્યવંત ન ગણતાં જ્યાં બાહેર અભયસિંહ ઉભો હતો ત્યાં જઇને તેપર કળશ ઢોળ્યો. વાણિયા વળી બરાડી ઉઠ્યા કે, "એ માણસ તો જાદુગર છે; એણે અમારૂં વહાણ પણ જાદુથી ચલાવ્યું હતું, ને અત્યારે પણ અવશ્ય હાથણી ઉપર કંઇ નજરબંધી કરીછે, માટે હવેથી હાથીને શણગારી લાવો, ને તે જેના પર કળશ ઢોળે તેને કુંવરી વરે." એમ કહી અભયસિંહને છેક ચોટામાં હાંકી મેલ્યો. પછી હાથીને શણગારવામાં આવ્યો. હાથી પ્રત્યે રાજકુંવરી વિનતી કરીને બોલી,

"સાંભળ બંધવ હાથિયા, મારૂં એવા તન તુજ હાથ;
કળશ તપાસી ઢોળજે, મુજને મેળવ સૂરો નાથ."
"કીર્ત્તિ જેની દશો દિશે, જેના ગુણ ગાંધરવો ગાય;
એવો કંથજ મેળવે, જેથી કારજ માહરૂં થાય."

હાથી તો આટલું સાંભળતાંજ મંડપમાં ફરવાને બદલે વેગજેથી જ્યાં અભયસિંહ ઉભો હતો ત્યાંજ દોડ્યો. તેને આવતો જોઇને અભયસિંહે દૂર નાશી જવા માટે દોટ મૂકી, હાથીએ રેલતો જઇને તે પર કળશ ઊંધો વાળી દીધો, અને સુંડવતે તેને ઊંચકી લઇ પોતાની પીઠ ઉપર બેસાડીને મંડપમાં લાવ્યો! હંસાવળીએ હવે સભા વચ્ચે કહ્યું કે, "એજ મારો ધર્મે આપેલો પતિ છે, માટે હું સૌ સમક્ષ તેનેજ આ વરમાળ કંઠે આરોપુંછું. એમ કહી વરમાળ અભયસિંહ-

ના ગળામાં પેહેરાવી નમન કરી મોતીના થાળથી વધાવી લીધો ! આ જોઇ વાણિયાઓ તેમજ બીજા સૌ રાજપુત્રોનાં મ્હોં ઢીલાં થઇ ગયાં. કોઇ ગમે તો રાજી થાઓ કે ગુસ્સે, કોઇ ગમે તેટલું તેને દુઃખ દેવા ઇચ્છો, પણ જેની સહાયે શ્રી પરમેશ્વર છે, તેને કોઇની પરવા નથી.

હવે મોટી ધામધૂમથી વિવાહનો સમારંભ ચાલ્યો, અને તે પૂરો થતા સુધીના દશ પંદર દિવસો અભયસિંહે ઘણા સુખમાં ગાળ્યા. રાજકુંવરીએ તેને પોતાની જાતિ પૂછી, તો તેણે જવાબ દીધો કે, "હું હમણાં જાતનો કુંભાર કહેવાઉં છૌં ! અને હમણાંનાં મારાં માત પિતા પણ કુંભારજ છે." આવા તેના સંશય ભરિત બોલવાથી તથા તેની ઊંચી રીતભાતથી કુંવરીએ જાણ્યું કે આ કોઇ રાજવંશીજ છે. પછી મધ્ય રાત્રે તેની સોડમાં પડીને ફરીથી હંસાવળીએ કુળ પૂછ્યું, પણ અભયના કહેવાથી તેને વાણિયાઓનો નોકર જાણી કુંવરીએ ઉંડો નિશ્વાસ મૂકયો !

રાત્રે બંને પતિ પત્ની નિદ્રાવશ થઇ પ્રભાતે ઉઠતાં એક બીજાને પ્રેમ કરવા લાગ્યાં, ને હંસાવળીએ તો તેની ડોકે બાઝી પડી ખૂબ પ્રેમ સૂચવ્યો. અભયસિંહે જોયું કે મને વાણિયાઓનો નોકર જાણ્યા છતાં પણ હંસાવળી એક સરખો પ્રેમ દેખાડેછે, ને તેણી ખરા અંતઃકરણથી પ્રેમાળુજ છે, માટે તેને વધારે ટળવળાવી નિરાશ કરવી એ ઠીક નહીં. પછી તેણે

પોતાની તમામ હકીકત હંસાવળીને અથ-ઇતિ કહી સંભાળવી. પ્રાતઃકાળ થયો તેટલામાં તો તેનો ખરો હેવાલ રાજા, રાજપુત્રી, રાણી, ને એક માનીતી દાસી એટલાંએ જાણ્યો; બાકી આખું ગામતો એમજ બોલતું રહ્યું કે વાણિયાનો ચાકર રાજાનો જમાઇ થયો.

જોધપુરનો રાજપુત્ર પોતાની કુંવરીને પરણ્યો તેથી જાવાનો રાજાતો ઘણોજ ખુશી થયો, ને તેને પેટે પુત્ર નહીં હોવાથી અભયનેજ ગાદીનો વારસ ઠરાવી સઘળો રાજ્યકાર્યભાર તેને સોંપ્યો. જયાં જાય-ત્યાં વીરપુરૂષો છાંના રહેતા નથી. આપણો અભયસિંહ જાવાની રાજ્યગાદીએ બેઠા પછી રાજયમાં તેના ઇનસાફ ને પ્રમાણિકપણાનાં વખાણ થવા લાગ્યાં. એમ સુખેથી રાજ્ય કરતાં ત્રણેક વર્ષ વીતીગયાં.

હવે વેહેવારિયાઓ આણેલો માલ પણ વેચી રહ્યા, ને ઘેર જવા માટે વહાણો પાછાં તૈયાર કરયાં. તેઓએ પોતપોતામાં મસલત કરીકે, આપણે આપણા બરનો માલ લીધોછે, તો તેની જકાત આપવી પડશે, તે જો અભયસિંહ કંઇ કરતાં મુકીદે તો ઘણું સારૂં. પછી તેઓએ અભયસિંહ પાસે જઇને વિનંતી કરી, જકાતની માફી માંગી કહ્યું કે “ સાહેબ, અમારી સાથે તમે આ શેહેરમાં આવ્યા તો રાજ્ય પામ્યા. આજ તમે મોટા થયા ત્યારે તો ગરીબોને જકાતની માફી આપવી જોઇએ.” અભયસિંહે તેઓને માફી આપી. પછી વાતચીત કરીને ઊઠતી વેળા તેમાંના એકે માથું ધુણાવ્યું. અભયસિંહે પૂછ્યું, “કેમ વણિ-

કે માથું ધુણાવ્યું?" તો કહ્યું, "ના સાહેબ, કંઇ નહિં. એ તો અમસ્તું ધુણાવ્યું." અભય કહે, "તોપણ કંઇ કારણ હશે; કહે ભાઇ, જે તારા મનમાં હોય તે કહે." ત્યારે જોશિયા બહુ નમ્રતાથી હાથ જોડીને ઊભા.

ધુતા હોય સુલક્ષણા, વેશ્યા હોય સલજ્જ;
ખારાં પાણી નિર્મળા, એ ત્રણે વાત એકજ્જ.

પછી કહ્યું કે "રાજાધિરાજ! ખરૂં બોલાવો તો તમારે વિષે અમને શોચ ઉત્પન્ન થયો છે, આતો પરદેશ છે, લોકો સૌ પરાયા છે, ને તેમાં વળી તમે એકલા, તેથી કોણ જાણે કોઇ સમયે શું થઇ બેશે? હમે તો ગમે તેવા બૂરા ભલા તોય પણ તમારા દેશનાજ; અને અહીં તો તમારા તરફનું કોઇએ નહીં, તો પછી આપત્તિ વેળા સહાય કોની? અમે તો જઇએ છીએ તે દશબાર વરસ પછી જ્યારે ફરીને બીજી મુસાફરીએ સાંઢીએ ત્યારે પાછા અહીં આવવા પામીએ. તમને ભલે રાજ્યમળ્યું તોપણ તેથી શું થઇ ગયું? આપણા દેશમાં પણ તમારી પેઠે કોઇ પરદેશીનેજ આ ચિંતું રાજ્ય મળી ગયું છે. જોધપુરનો ગાદીવારસ કુંવર માનસિંહ દેશવટે નીકળેલો તે, શેહેરની ભાગોળેથી પેહેલવેહેલો દરવાજામાં પેસતાંજ પોતાના કરી રાખેલા નિશ્ચય પ્રમાણે પ્રધાનોએ તેને આપણા શેહેરની ગાદીનો વારસ કીધો, ને પટ્ટાભિષેક કરી ગાદીપર બેસાડ્યોછે. ત્યારે હવે એમ વિચારો કે આજે માનસિંહને ગાદી આપી, તો કાલે અમે પ્રસંગ પડે તમને ગાદીપર બેસાડી શકીએ, એમાં કંઇ મોટી

વાત નથી, માટે જેમ સાથે સાથે આનંદ કરતા આવ્યા હતા તેમજ સર્વે ભેગા આપણા દેશમાં જઇએ તો સારૂં." વનમાંથી બંને ભાઇ વિખૂટા પડયા પછી આટલો બધો સમય વીતીગયા સુધીમાં પહેલ વહેલું આજ માનસિંહનું નામ અભયે સાંભળ્યું. તે ચંદ્રાવતી નગરીનો રાજા થયો એમ જાણ્યું ત્યારે મનમાં નિશ્ચય કીધોકે, પેલી વનદેવ્યાની વાર્તા ખરી પડી. માટે હવે પોતાના ભાઇના રાજ્યમાં જવું અને ઘણા દિવસના વિયોગી મોટા ભાઇની ભેટ લેવી એવી તેના મનમાં ઊત્કંઠા થઇ આવી. પોતાના વડીલ ભાઇનું નામ સાંભળતાંજ તેનું અંતઃકરણ પ્રેમથી પીગળી ગયું, અને તે વખતે અહીં તેને પ્રાપ્ત થયેલી સ્ત્રી, રાજ્ય આદિ સઘળી સમૃદ્ધિઓ તુચ્છ થઇ પડી. આથી તેણે ત્યાં જવાનો નિશ્ચય કરચો, અને તે સાથે એમ પણ નક્કી કરયું કે. આપણે અહીંથી ભાઇના રાજ્યમાં રાજાના ડોળ ડિમાકથી જવું નહીં, પણ સાધારણ વેપારી મનુષ્યના ડોળથી જવું કે તેથી ભાઇના આપણા ઉપરના પ્રેમની ખાત્રી થશે; જો તેની પ્રીતિ આગળના જેવી ન રહેતાં કંઇ બદલાઇ હશે, અને તે મને ઓળખાવશે નહીં, તો પછી દેશવટાની મુદતનો થોડોજ સમય બાકીછે તે પૂરો થતાં પિતાના રાજ્યમાં ચાલ્યો જઇશ. આમ વિચાર કરી વળી પોતાના મનને વારે છે કે, અરે મારો મોટો ભાઇ કે જે સાક્ષાત્ પ્રેમનીજ પ્રતિમાછે. તેનો મારાપરથી પ્રેમ ઓછો થયો હોય એ શું હું વાસ્તવિક વિચાર કરૂં છૌં? છટ એ મારા અંતઃકરણની મિથ્યા ભ્રમણાછે.

પછી અભયસિંહે તે વાણિયાઓને કહ્યું, "મારો આપણા દેશમાં આવવાનો વિચારતો મૂળથીજ હતો, પણ તે કેટલાક વખત પછીને માટે મુલતવી રાખ્યો હતો. પણ હવે તમારો સાથછે તો હું હાલજ તમારી સાથે આવવાનો વિચાર રાખુંછું તેથી મારો રસાલો તૈયાર થાય ત્યાં સુધી તમારે ટકવું." વાણીઆઓને તો મનગમતું થયું, તેથી મોટી ખુશીથી તે વાત માન્ય રાખી. ઉતારે ચાલતા થયા.

વાણીઆઓના ગયા પછી અભયસિંહ કચેરીમાંથી ઊઠી પોતાના નજર બાગમાં ગયો. જ્યાં એક સુંદર આંબાના વૃક્ષને નીચે બેસી પોતાના ભાઇના વિયોગનો વિરહ સંભારતો અને ઊદાસીનતા ભરેલો થઇ રહ્યો. ઝાડપર બીજાં અનેક સુંદર કંઠવાળાં પક્ષીઓના અવાજ શણગાર રૂપ કોયલ વચ્ચે વચ્ચે પોતાનો મનોહર ટૌકો કરતી હતી. જે આવખતે અભયસિંહના મનને કારી ઘા સમાન લાગતો હતો આ સમયે અભયને પોતાની પ્રેમાળ પત્ની હંસાવળીનું સ્મરણ થયું. તેણીના ઉપરનું તેનું ખરું હેત આ સમયેજ તેના મ્હોં પર બરોબર પ્રકાશી રહ્યું હતું, એક બાજુથી ઉદાસી વડે તેનું આખું શરીર અને મન ઉત્કંઠિત થયલું છે, અને બીજી મેરથી તેના ચેહેરા પર સંપૂર્ણ પ્રેમ છવાઇ રહ્યો છે! તેવાજ ઉભરામાં તેના મ્હોંમાંથી એક ચવાખરો નીકળી ગયો;—

દુહો.

પ્યારો બંધવ દૂરછે, અને પ્યારી નહીં મુજ પાસ;

દેજો બંધવ ભેટડી, અને પ્યારી પુરજે તું આશ.

આ પ્રેમના બોલ અભયસિંહના મ્હોંમાંથી જે સ્વાભાવિકપણેજ નીકળી ગયા હતા તે, એક બાજુએ પોતાની માનીતી દાસીની સાથે બાગમાં ફરતી હંસાવળીના સાંભળવામાં આવ્યા જે સાંભળી તેણી તુરત તે સાંભળવાને ખમચાઇ ગઇ, અને એ બોલ જરૂર મારા પ્યારા પ્રાણનાથનાજ હોવા જોઇએ એમ અનુમાન કરી તે થોડેક આગળ જવા જાયછે એટલામાં તો છેટેથી આંબાના ઝાડ નીચે બેઠેલો અભયસિંહ તેણીની દૃષ્ટિએ પડયો. આથી પોતે શરમાઇને નીચું જોતી ધીમે ધીમે પગલે પોતાના સ્વામીનાથના પાસે ગઇ અને તેને આવો ઉદાસ અને બેભાન અવસ્થામાં જોઇ તેની નજીકમાં લપટાઇને બેઠી. દાસી આમ જોઇને પોતાની બાઇ તથા રાજાને માટે સુદર સુગંધીદાર ફૂલ લઇ આવવાની મશે તુરત કોરે ખસી ગઇ. પછી હંસાએ અભયસિંહને તેનાં કોમળ, ને મધુર વચન તથા પ્રેમની કટાક્ષથી જાગૃત કીધો; એટલે અભયસિંહ તેને બાથમાં લઇ તેના અધરામૃતનું ચુંબન કરવા લાગ્યો. આ વખતે હંસાએ ગદ્ગદિત થઇ તેના કંઠે બાથ ભેરવી વળગી પડીને પૂછ્યું, "સ્વામીનાથ, આજ આપ આટલા બધા ઉદાસ તથા ભ્રમિત ચિત્તવાળા કેમ દેખાઓછો ?"

અભયસિંહે બહુજ પ્રેમ દર્શાવી કહ્યું, "વહાલી પ્રિયા, આજે મુને મારા માયાળુ પિતાજીનું તથા સ્નેહના સાગરરૂપ વડીલ ભાઇનું સ્મરણ થયું છે. મને

હમણાંજ ખબર મળીછે કે મારો ભાઇ ચંદ્રાવતી નગરીનો રાજા થયો છે, અને તેને મારાથી છુટો પડયાં ઘણો વખત ગુજરી ગયો, માટે હવે મારા મનને તેની ભેટ લેવાની ઉત્કંઠા થઇ છે. પ્યારી! તેના શેહેરમાં હું વેશ પાલટીને રહું, અને તે મને ઓળખી ભાઇ ગણીને બોલાવશે કે નહીં, તેનું મને વિમાસણ થાયછે. જો તે, મને બોલાવશે તો ઠીક, નહી તો હવે દેશવટાની અવધિ આવી રહેવા થઇ છે, તેથી જોધપુર જઇને પિતાજીને મળીશ. પરંતુ હવે ભાઇનો મેળાપ કેવી રીતે કરવો એનો મને વિચાર થયા કરેછે."

હંસાવળી મહા ચતુર હતી, તેથી તેણે પોતાના સ્વામીની આસનાવાસના કરી ને કહ્યું, "સ્વામીનાથ, એમાં શી મોટી વાત છે! આપની જ્યારે મરજી હશે ત્યારે આપણે અહીંથી જવાને તૈયાર થઇશું. આતો નિયમજ છે કે "વહુ ઘેર, ને દીકરી સાસરે", એ નિયમ પ્રમાણે મારે પણ હવે અહીં ઝાઝો સમય રેહેવું એ ઉચિત નથી. અને હમણાં સુધી જે હું અહીં રહી તે તો આપ સાથે છો એટલે કંઇ હરકત નથી. પણ હવે આપણે સ્વદેશ પ્રત્યે જવું એ વધારે સારૂં છે." આ પ્રમાણે પોતાની ચતુરાઇથી તેણે પોતાના સ્વામીની ચિંતા તુરત દૂર કરી નાંખી. અને પછી લાગલોજ એ સૌ વૃતાંત પોતાનાં માતપિતાને જણાવ્યો. માબાપે પોતાની દીકરીને લાંબા સમયને માટે પોતાની નજર આગળથી ઘણે દૂર થયેલી જોવાને ઘણીજ નાખુશી બતાવી અને તે દીલગીરમાં તેઓને શું કરવું તે કેઢ-

લાક દિવસ સુધી સુઝ પડી નહીં. અરે! મારા પ્રિય વાંચનાર, શું પોતાના પ્યારામાં પ્યારા ફરજંદને પોતાની વૃદ્ધાવસ્થામાં વિયોગી કરવું એ શું સાધારણ માબાપને પણ ગમગીન કરે એવું નથી? તેના સંબંધમાં એક કવિએ કહ્યું છે કેઃ—

સોરઠો.

માત પિતાનું હેત, જેવું છે નિજબાળ પર;
જિન્હા મારે એક, કયમ કરિ હું વર્ણી શકું:

પછી હંસાવળીએ અત્યાગ્રહ કરવાથી તેના પિતાએ સાસરવાસો કરવા માંડયો. હવે જાણોજ છો કેનીઃ કે રાજા લોકનો સાસર વાગો! એશું, એક બચકામાં કે વધારેમાં વધારે એક ગાડામાં એ કંઇ સમાઇ રહેવાનો હતે? હંસાવળીના બાપે તો પોતાની લાડકવાઇ બેટીના સાસરવાસાને માટે ઓછામાં પૂરા બે ત્રણ વહાણ તૈયાર કરાવ્યાં! તેઓમાં એટલી બધી સમૃદ્ધિ ભરી આપી કે તેનાં છોકરાંનાં છોકરાં સુધી ગમે તેમ છુટથી વાપરે પણ ખુટે નહીં.

ભરિયાં મુક્તાફળ ઘણાં અને ભરિયાં રતન અમૂલ;
માણક હીરા અતિ ઘણા, જેનાં થાય ઝાઝેરાં મૂલ. ૧
આભૂષણને વસ્ત્ર અતિ, જેહ દીસે ઝાકઝમાળ;
પાત્ર તે નાના વિધતણાં, વળી કનક તણાંરે અપાર. ૨
એણીપેરે આપિયો રે, બીજો સાસરવાસો અથાગ;
બાપે વળાવી બેટડી, એવો કીધો રૂડેરો સોહાગ.—૩

આ પ્રમાણે રાજાના મોભાને શોભે એવો સાસરવાસો કરીને રાજાએ પોતાની બેટી સાથે જમાઇને

વિદાય આપી. પરંતુ તેમની સાથે કામકાજ જેટલાંજ દાસ દાસી આપવા ઉપરાંત વધારે સીપાઇસપરાં આપ્યાં નહીં. કારણકે તેના મનમાં એવો વિચાર થયો કે પરદેશની મુસાફરીએ જ્યાં સુધી મારો જમાઇ છે ત્યાં સુધી તેની સાથે વધારે ખર્ચ રાખવો એ યોગ્ય નથી, અને વળી એવો પણ ભરોંસો રાખ્યો કે આ સાથે જે વેપારીઓ છે તે તેના દેશના અને જાણીતા જ છે માટે મુસાફરીમાં કોઇ વાતની હરકત નથી. પછી તે વાણીઆઓની સોબતમાં તેઓને પાસ વિદાય કરયાં. હંસાવળી સાથે તેની એક ઘણીજ વિશ્વાસ પાત્ર અને ચતુર માનીતી દાસી હતી. હવે તે સઘળા કાફલાની સફર જારી થઇ. વહાણ હંકાયાં, અને ધીરે ધીરે હંસાવળીના પિતાનું જાવાનગર દેખાતું બંધ થયું. ચાલતાં ચાલતાં સમુદ્રમાં ને સમુદ્રમાં ઘણાક માસ નીકળી ગયા. હવે જુઓ કે, "ભલો ભલાઇ અને ભૂંડો ભૂંડાઇ" છોડતા નથી, તેની પેઠે આ મધ્ય સમુદ્રમાં આવ્યા પછી પેલા વાણીઆઓની નૈયત ભ્રષ્ટ થઇ; અને તેઓએ આપણા બહાદૂર અને ભાગ્યવંત અભયસિંહનો પૂરે પૂરો ઘાટ ઘડવાની ગોઠવણ કરવા માંડી. હવે અભયસિંહ, તેની સ્ત્રી હંસાવળી, અને ઉપર ઓળખાવેલી તેની ચતુર દાસી, એટલાં માણસો એક વહાણમાં તથા બીજો રસાલો બીજાં બે વહાણોમાં હતો. તેમજ પેલા વાણીઆઓ પણ તેમનાં જુદાં વહાણોમાં હતા. લગભગ એક અડવાડિયાને અંતરે અભયસિંહ પેલા વાણીઆઓમાંના મુખી ઝવેરચંદને તેમના વહા-

ણમાં જઇ મળી આવતો અને વાણીઆઓ પણ તેને યોગ્ય સન્માન આપી સેવા ચાકરી કરતા હતા. પણ જગતમાં ઇર્ષા (અદેખાઇ) એ એક મહા ભયંકર ડાકણ રૂપ છે તેને લીધે તે વાણીઆઓથી આપણા અભયસિંહની રિદ્ધિસિદ્ધિ જોઇ શકાઇ નહીં; અને તેમાં વળી જેને એક કુંભારને ત્યાંથી પકડીને તેઓ લાવ્યા હતા, તેવા માણસને આટલી બધી સમૃદ્ધિ પ્રાપ્ત થઇ એ ખરેખર તેઓના અદેખા અંતઃકરણને જંપવાદે તેવું નહોતું. તેથી તેઓએ તેની રિદ્ધિસિદ્ધિના ધણી થવાની ઇચ્છાથી અભયને ઠાર કરવાનો વિચાર કીધો અને તેટલા માટે તેઓએ પોતાના વહાણમાં એક ડાએરો (મિજલસ—મેલાવડો) કરયો, અને તેમાં અભયસિંહને બોલાવ્યો. તેઓએ કરયું એમ કે કસુંબો ઘોળ્યો હતો, તેમાં છાનું ઝેર નાંખેલું હતું, તે અભયસિંહને પાયું. અભયે તો થોડુંક પીને બંધ રાખ્યું, પણ તે હરામી વાણીઆઓએ જક કરીને અને અનેક તરેહનાં દૃષ્ટાંતો દઇને પરાણે પાયું. અરે! દુષ્ટોને દુષ્ટ કર્મ કરતાં કંઇ પણ વિચાર આવેછે!

આપણા સકોમલ શરીરવાળા અભયને તો જેમ જેમ સમય જતો ગયો, તેમ તેમ તેના શરીરમાં ઝેરે પોતાનો અમલ ચલાવવો જારી કીધો, અને પળે પળે જોર વધવા માડયું. થોડીવારે અભયનો કાંટો વળી ગયો, કંઠ સૂકાઇ ગયો, આંખે લીલાંપીળાં થવા લાગ્યાં, માથામાં સૂનકાર થઇ તે બેશુદ્ધ થઇ ગયો અને આખરે મૂર્છા ખાઇ જમીન પર ઢળી પડયો. અહા! પ્રિય વાંચ

નાર શું કહેવું! શી દુરવસ્થા! શો કાળો કેર! અરે, આ દુષ્ટ અને ક્રૂર વણિકોને કંઇ ઇશ્વરનો ભય નહિ હોય? અરે તેઓએ આ કેવું ઘાતકી કર્મ કરયું છે! ધિક્કાર,, ધિક્કાર, અને ધિક્કાર છે તેમને, પણ હવે જોઇએ શું થાયછે:

આ બનાવથી વાણીઆઓ મનમાં તો રાજી થયા, પણ ઉપરથી દીલગીરીનો ડોળ કરી તેના શરીરને ત્યાંથી રાણી પાસે ઉંચકી લાવ્યા. અને તેને કહેવા લાગ્યા,—"બા, હંસાવળી, જોની શું છે? આજે ડાએરો કરયો તેમાં અમોએ તો થોડો કસુંબો પીવાને કહ્યું પણ ભાઇ આગ્રહ કરી ઘણો પી ગયા, અને તેથીજ તેમને અમલ આવ્યોછે, તે ઘડી બે ઘડીમાં ઉતરી જશે. અમે તો વાણીઆભાઇજ કેની ! અમારામાંના બે ચાર માણસોના પીધામાં કસુંબો વધારે આવ્યોછે, તેથી તેઓ તો લોથપોથ થઇને પડયાછે અને કોણ જાણે ઘડી બે ઘડીમાં મરી પણ વખતે જાય." એમ કહીને તુરતજ ત્યાંથી પાછા ગયા. હંસા આથી ગાભરી બની ગઇ અને તેણે તો અત્યંત કલ્પાંત કરવા માંડયું. પણ તેની દાસી આ સઘળા ખેલનું રહસ્ય જાણી ગઇ કે આમાં કંઇક વાણીઆઓનું કાવતરૂં છે તેથી તેણે હંસાને રોતાં કકળતાં વારી, અને કહેવા લાગી કે "બેહેન, તમો ઉતાવળાં ન થાઓ અને ધીરજ રાખી તપાસ કરો; આમાં તો કંઇક દાળમાં કાળુંછે માટે એમ મિથ્યા રડાકુટ કરી ગભરાઇ જશો નહીં. આમાં બીજું કંઇએ નથી. રાજાને તો તે હરામીઓએ ઝેર

પાયેલું છે, અને તેથીજ તેમની આ હાલત થઇ ગઇ છે. માટે વખત ન જવા દેતાં આપણી પાસેની પેલી ઝેર નિવારક બુટ્ટી શોધી કાઢો અને મને યાદ આવે છે કે તે પેલા પેટારામાંના દાબડામાં છે– તે કાઢી ઘસીને તેમને પાઓ કે જેથી તુરતજ ઝેર ઉતરી જઇ આરામ થઇ જશે." આ યાદ આપ્યાથી હંસા બોલી, "પ્યારી તું મારી બેહેન છે. તારૂં આવ્યું આજે સાર્થક થયું. મારી તો ગતિ ભંગ થઇછે, માટે તુંજ બેહેન તે કુંચી લઇને બુટ્ટી કાઢી લાવ. પછી તુ કહીશ તેમ કરીશ." દાસીએ તુરત તે બુટ્ટીને શોધી કાઢી, ને ઘસીને અભયને પાતાંજ થોડી વારમાં તે આળસ મરડી બેઠો થયો. તેનું ઝેર સમૃળું ઉતરી ગયું, ને પોતે સાવધ થઇને બેઠો એટલે દાસીએ કહ્યું, "બેહેન હંસા, તમે તથા આપણા રાજાજી જો હવે મારા કહ્યા મુજબ સાવધ રહી વર્તશો તોજ આપણે ઉગરીશું, નહિતો આ વાણીઆ હવે આપણા ત્રણેને જબરજસ્તીથી મારી નાંખશે. આપણી વારેતો કોઇ ચઢનાર નથી, ને એમને સાથે તો સો સવાસો માણસ છે."

પછી દાસીએ અભયસિંહને એક મોટી પેટીમાં સંતાડયો, ને કહ્યું કે રાજાજી, જ્યારે હું તમને બહાર કાઢું ત્યારેજ તમારે નિકળવું. પહોરેક રાત વીત્યા પછી ધૂળ, માટી, વિગેરે ભરીને ભારી વજનનો મોટો ગાંસડો કરી રાણી અને દાસી બનેએ મોટી પોક મૂકીને તે દરીઆમાં નાંખી દીધો, સવાર પડતાં સર્વેને જણાવ્યું કે રાજાજી મરી ગયા. આ સાંભળી વાણીઆઓ



અભયસિંહ પાટીઆ ઉપર દરીઆમાં તરે છે.

પેસી બંને ચતુરાઓ ખુબ શોક પ્રદર્શિત કરી વહાણના સઘળા ઉતારૂઓનું પારખું અને ચર્ચા જોતી રહેતી હતી. એમ ઘણાક દિવસ વહી ગયા પછી સમુદ્રનો કીનારો આવ્યો. કિનારે પહોંચતાંજ વાણીઆઓ પાછા ફરી રાણી પાસે આવીને તેને તેમના રાજા માનસિંહ વેરે પરણાવવાનું કહ્યું. ત્યારે દાસી ઘાટ કરીને બોલી, "શેઠીઆઓ, હમારાં રાણીસાહેબ જુઓ કે ઘણાં નહાનાં અને કોમળ મનનાં છે; તેમજ વળી પોતાના પતિના શોકથી તેમનું અંતઃકરણ બેદાઇ ગયેલું છે તેથી તેઓને નવા રાજા સાથે પ્રીતિ કરાવતાં ઘણો અવકાશ જોઇએ; એટલા માટે તમો પહેલા ઉતરો, અને તમારા રાજાને સમજાવીને અમારે માટે ક્યાંઇક ઇલાયેદા મેહેલ અપાવો. ત્યાં રહી માસ બે માસમાં અમે રાણીસાહેબને સમજાવીશું, અને તેટલા સમયમાં રાજાજી પણ અમારી પાસે આવતા જતા થશે, એટલે બંનેના નયણ મેળાવો થતાંજ સહુજમાં કામ થઇ જશે. આ વાત વેહેવારીઆઓના ધ્યાનમાં ઉતરી, તેથી તેઓએ વેહેલા વેહેલા માનસિંહ પાસે જઇ તમારે માટે એક રૂપગુણ અને સૌંદર્યના ભંડારરૂપ રાણી અમો લાવ્યા છીએ, એવી વધામણી ખાધી. પછી વધારામાં માનસિંહને કહીને હંસાની દાસીના કહેવા પ્રમાણે જુદા મેહેલની સોહી કરાવીને તેમાં દાસી તથા હંસાવલીને તેમના સઘળા સરસામાન સાથે ઉતારયા. હંસાવલીને તથા તેની દાસીને બાળપણથીજ બેહેનપણાં હતાં, તેથી તેઓ બંને હમેશાં એક સરખોજ

શણગાર સજતાં હતા. વળી દાસી જાતે કુલીન, કુમારી, ને કાંતીદાર હોવાથી તે હંસાવળી કરતાં કંઇ ઓછી દીપતી નહોતી. આ મેહેલમાં તેઓ ઉતરયાં છતાં પણ હજુસુધી અભયસિંહને તો કેટલાક દિવસ પેટીમાંજ રહીને ગુજારવા પડશે.

જે મેહેલમાં તેઓ ઊતરયાં છે તેના દરવાજા ઉપર એક જાપતાબંધ પેરા છે, અને હુકમ લઇ જવા લાવવાને નીચે બે હુશિઆર અને નિમકહલાલ લુંડીઓ રાખેલી છે, જેઓ રાજાના મેહેલથી આવેલું ભાણું ઉપર પહોંચાડવાને વેળાસર રાણીપાસે આવેછે. તેશિવાય બીજા કોઇનો કોઇપણ વખતે મેહેલમાં પ્રવેશ થઇ શકતો નથી. આ પ્રમાણે રહેતાં લગભગ એક માસની મુદત થવા આવી, એવામાં માનસિંહને જાવાની રાજપુત્રીને જોવાનું મન થયું; તેથી તેણે હુકમ મોકલ્યોકે આજે ફલાણે વખતે અમો તમારા મેહેલમાં પધારશું. નોકર લોકોએ એ હુકમ લુંડીઓને કહ્યો, અને લુંડીઓએ ઉપર ખબર આપી કે આજે રાજાજી અત્રે પધારવાના છે. હવે અભયસિંહને જેમાં રાખ્યો હતો તે પેટી તે દિવાનખાનાના એક પટમાં રાખી હતી, કે જ્યારે રાજા સાથે વાતચિત થાય ત્યારે અભયસિંહ પણ સાંભળે હવે રાજા માનસિંહ દિવાનખાનામાં દાખલ થયો. તેને જોતાંજ જાણે બીજો અભયસિંહજ આવીને ઉભો હોય એમ રાણી દાસીને લાગ્યું. એ દિવાનખાનામાં એક સુંદર બેઠક હતી, જે ઉપર હંસાવળી રાણી

બેઠેલી હતી, તે માનસિંહ આવ્યો કે તરતજ વીજળી જેમ ચળકારો મારીને પાછી જોત જોતામાં વાદળમાં પેસી જાયછે તેમ ઝટ ઉતરી પડતી કે ચકની અંદર જઇ બેઠી. દાસીએ આવીને રાજાને યથાયોગ્ય સન્માન આપ્યું, અને નમન કરીને વિનય સાથ તે સિંહાસન ઉપર વિરાજમાન થવાને કહ્યું. રાજા તેણીનો હાવ-ભાવ, સ્વરૂપ સૌંદર્ય અને શરીર પર ધારણ કરેલા શણગાર એ સઘળું જોઇને થોડીક વાર તો વિચારમાં જ રહ્યો કે, "આતો રાણી હંસાવળી ન હોય!" પછી એમજ મુકરર રાખી સિંહાસન પાસે એક સુવર્ણનો બાજઠ ઢાળ્યો હતો તે તરફ આંગળી કરી તેને બેસ-વાને ફરમાવ્યું. દાસી તુરત તે બાજઠ પર જઇ બેઠી; અને રાજા તેને હંસાવળી ધારી તે પ્રત્યે કંઇ બોલ-વા જાયછે એટલામાંજ તેણી રાજા પ્રત્યે વિનયથી ભરેલા શબ્દોમાં નીચે પ્રમાણે બોલવા લાગી:—

ભલે પધારયા પુરપતી, અને ચંદ્રાવતીના રાય;
ગુણિયલ ને ગંભીરછો, તારૂપે ચંદ્ર લજાય.
બાઇજી મારાં હંસાવળી, તેને વરવાનું તમ મંન;
વાત મારીરે એક સાંભળો, પછી કહેજો સુખેથી વચન.
રાણી વરોતો ભલે વરો, પણ પેહેલી સુણો મુજ વાત;
કલ્યાણ તો, તમને હશે, હંસા હીરોરે આવશે હાથ.

એ પ્રમાણે કહી દાસી બોલી, "રાજાજી, આ-પ ભલે પધારયા! આપ જેવા શુરવીર અને ગુણરૂપના ભંડાર રાજાજીને મારાં બાઇ સાહેબ વરશે એ અમો મોટા ભાગ્યની વાત સમજીએ છીએ. પણ

આપને વિનંતી એટલીજ છે કે એક હું વાત કહું તેટલી એક વાર પૂરેપૂરી સાંભળ્યા પછી તમે તેને વરશો તોજ તમારૂં કલ્યાણ છે, નહિતો એકદમ સાહસ કરવાથી તમને પાછળથી બહુ પસ્તાવો થશે. અને બીજું એકે વાત જ્યાં સુધી તમોએ સાંભળી નથી, ત્યાં સુધી મારાં બાઇ સાહેબ તમને નજરે પણ જોઇ શકવાનાં નથી."

આ પ્રમાણેનું બોલવું સાંભળ્યું, ત્યારે માનસિંહનાં મનની ખાત્રી થઇ કે આતો રાણી નહીં પણ દાસીછે. તેથી તે તેના પ્રત્યે બોલ્યો કે, "હે દાસી, બેલાશક તારી વાત તું ચલાવ હું તારી વાત પૂરેપૂરી સાંભળ્યા પછીથીજ લગ્ન લેવડાવીશ." એ સાંભળીને દાસીએ કહ્યું, "તે ખરૂં, પણ રાજા સાહેબ, મારાથી કંઇ એમ વાત થાય નહીં. મારી બાઇ સાહેબની એક શરત છે તે આપની પાસે કબુલાવીશ ત્યારે વાત થશે." રાજાએ પૂછ્યું "શી શરત છે?" ત્યારે કહ્યું કે "હું જે કંઇ વાત કરૂં તે વખતે આપ કંઇપણ બોલો, કિંવા તમારે માથેજ તેને ખેંચાલો તો હું તુરત વાતને અટકાવીશ અને તમારે પાછા ઘેર જવું પડશે પછી બીજે દિવસે પાછી તેજ સરતે હું વાત કહીશ." માનસિંહ એ સાંભળી પોતાના મનમાં બોલ્યો કે, "એવી શી વાત હશે કે જે હું મારે માથે ખેંચી લઇશ? કે મારે તેમાં બોલવાની જરૂર પડશે?" તેથી ઉલટો તે ઘણોજ આતુર થયો અને દાસી પ્રત્યે અતિ ઉત્કંઠાથી કહેવા લાગ્યો કે, "બોલ,

બોલ દાસી. બેલાશક તારી વાત તું ચલાવ, મારે તે શરત કબુલ છે." આટલું છતાં પણ દાસીએ તે ન માનતાં તેનું વચન માગ્યું, અને હઠ લઇ બેસવાથી આખરે રાજાએ વચન આપી કહ્યું, "કે જા, મારૂં વચન છે, અને હું ખાત્રી પૂર્વક કહું છું કે તારી વાત માં જો હું વચ્ચે બોલું તો તું બંધ કરજે, ને ફરી બીજે દિવસે આગળ ચલાવજે. વળી વાત પુરી થયા પછી પણ જો તારી રાણી પોતાની મેળે ખુશી થઇ મને વરશે તોજ હું વરીશ. નહિતો ત્યાં સુધી હું તમારો રાજા અને તમે મારી પ્રજાછો એમ માની તમારૂં એક રક્ષક તરીકે પ્રતિપાલન કરીશ, એવી ખાત્રી રાખજે."

રાજાનાં આવાં વચન સાંભળી દાસી ઘણીજ ખુશી થઇ, અને પછી તુરત તેણે પોતાની વાતનો પ્રારંભ કરયો:—

"હે રાજાજી! હું છેક બાલ્યાવસ્થામાં હતી, અને હમેશાં ધાવના સંગમાં રહેતી હતી, ત્યારે મારી ધાવે મને એક વાત કહી હતી તે હું તમને કહું છું. કોઇ એક શેહેરના રાજાને બે કુંવરો હતા. તે બંને ભાઇ રૂપ સોંદર્યમાં અને ગુણમાં એક બીજાથી ચડીયાતા હતા તેમ સ્વભાવે ઘણાજ ધર્મિષ્ટ હતા. પણ કર્મ સંજોગે એક દિવસે તેઓ પોતાના રંગમેહેલની બારીએ બેઠા હતા ત્યાંથી પાણી ઘટ પર જતી નગર શેઠની પુત્રી ઉપર નજર ગઇ. તેણીને જોઇ મોટા ભાઇને તેની ગાગર ઉપર નિશાન મારવાનું મન થયું. નાના

ભાઇએ તેને બહુએ વારચો, પણ તેનું ન માનતાં તેણે ગલોલમાં ચડાવીને કાંકરી મારી જેથી ગાગરમાં છિદ્ર પડ્યું, તે પોતાની ચતુરાઇથી નાનાએ મીણની કાંકરી મારીને બંધ કીધું. એ વાતની રાજા આગળ ફરિયાદ ગઇ ત્યારે કુંવરોના આ અપરાધને લીધે રાજાએ તે બંનેને દેશવટો આપ્યો. ને પ્રતિજ્ઞા લીધી કે, "જ્યાં સુધી એ દુષ્ટ કુંવરો નગર છોડી જાય નહીં, ત્યાં સુધી મારે કસુંબાપાણી હરામ છે."

આ સાંભળતાંજ માનસિંહને ચટપટી થવા લાગી તેણે પોતાનો ઉભરો દબાવવાનો ઘણોએ યત્ન કરચો પણ વ્યર્થ. તે લાગલોજ બોલી ઉઠ્યો, "અરે તે તો હું ને મારો ભાઇ; અમે પોતેજ," "રાજાજી ભૂલોછો, એમ નથી; પણ તમે વચ્ચે બોલ્યા, માટે બાકીની વાત કાલે." એમ કહીને તુરત તે કામિની (દાસી) હાસ્ય અને પ્રેમના હાવ ભાવથી રાજાને વિદાય કરવા ઉભી થઇ. રાજા પણ પોતે આપેલા વચન પ્રમાણે મુંગોજ રહ્યો, અને છેવટે દિલગીર થઇ પાછો મોહોલે જવા નીચે ઉતરી પડ્યો.

બીજે દિવસે પ્રભાત થતાંજ રાજાના મનમાં હંસાવળી પાસે જવાની અત્યંત ઉત્કંઠા થઇ આવી, ને તેમાં વળી દાસીની વાર્તા સાંભળવાની લાગણીએ તો તેને બેબાકળો કીધો, કે ક્યારે રાત્રી થાય, ને હું રાણીને મેહેલે જાઉં. સાંજ પડતાંજ પોતે તે રાજકુંવરીને મોહોલે આવ્યો. દાસીએ સામે આવી આગળ પ્રમાણેજ વિવેક સહ આદર કરચો, ને રાજાનો હુકમ થતાંજ વાત આગળ ચલાવી:—

"રાજાનું ઘરડાપણ હતું એથી તેણે ગુસ્સે થઇને પુત્રોને આપેલી સજાનો હુકમ લઇ તેઓ પાસે કહેવા જવાને કોઇ પણ રાજી થયું નહીં. નગરશેઠ અને માજન એ સહુ બહુ ગભરાણા કે આતો બહુ ખોટું થાયછે કેમજે આપણને લીધેજ આપણો રાજા નાવારસ થયો. તેમ રાજાનો જીવ પણ કસુંબા વગર તલપાડ થઇ રહ્યો છે. જેને હરઘડીએ રંગપાણી જોઇતાં હતાં તેને આજે કસુંબા વગર પોહોર દોઢપોહોર દહાડો ચઢી ગયોછે. એકતો મન તલપથી રૂંધાઇ ગયું છે, બીજું મહાજનની પણ ઠઠ મચી રહીછે, ત્રીજું રાજ્ય કુળ ઉપર અનીતિનું કલંક ચડેછે, અને ચોથું પોતે રાજ્યનો ધણી છતાં તેનો હુકમ તેના મુખ આગળ ત્યાંનો ત્યાંજ રહ્યો છે; આટલા બધાં કારણો એકઠાં થવાથી તે ઘણોજ ગુસ્સે થઇ બોલ્યો, "જો કુંવરોને તમે લોકો દેશવટે નહીં કાઢો તો હું પોતાને હાથે તે અનીતિમાન્ પુત્રોનાં શિર ધડ થકી જુદાં કરીનેજ કસુંબા પીશ."

આ સમયે માનસિંહનાં નેત્રોમાં આતુરતાથી ઝળઝળીયાં આવી રહ્યાં હતાં, ને મનમાંના અનેક તરેહનાં ભાવોને લીધે મોઢા પર ઉદાસીનતાથી ભરેલો લાલી વગરનો પ્રકાશ છવાઇ રહ્યો હતો, જેનો રંગ ક્ષણે ક્ષણે બદલાઇ જતો હતો. આટલું છતાં તે ધૈર્ય પકડી વાર્તા સાંભળ્યાં જતો હતો. દાસી તેના આ દેખાવથી ચેતી ગઇ કે જરૂર એના અંતઃકરણમાં લાહે લાગી રહીછે; તોપણ તે મન પર ન લેતાં આગળ પ્રમાણે તેણે વાત ચાલુ રાખી:—

"રાજાજી, કુંવરોને આ વખતે મેહેલમાં સેવકો નાના પ્રકારના સુગંધી પદાર્થોથી મિશ્રિત કરેલા જળ વડે સોનાના બાજઠ ઉપર સ્નાન કરાવતા હતા, તેવામાં રાજાની તરફથી આવેલા બે હજુરીયા ત્યાં દાખલ થયા. રાજકુંવરોને કશી ખબર નથી તેથી અજાણપણે હસીને તેઓએ તે સિપાઇઓને પૂછ્યું. "કેમ, આજે કંઇ પિતાજી વેહેલા બોલાવેછે?" આવી નિર્દોષતા ભરેલી મધુર વાણીથી તેઓ બંનેની આંખમાંથી આંશુની ધારા છુટી. છતાં ધીરજથી બોલ્યા કે, "રાજાજીએ આપને બાર બાર વરસનો દેશવટો દીધોછે." સીપાઇઓથી હૈયાં ભરાઇ આવવાને લીધે આ કરતાં વધારે બોલાઇ પણ શકાયું નહીં. પણ તે બંને ભાઇઓમાંનો નાનો અતિ ચપળ તેથી ચેતી ગયો; ને મોટો તો રાજ્યનો વારસ તેથી સદા વધુ સુખ ચેનનો ભોગી હતો માટે તેને વાર લાગી. પણ અંતે બંને જણા થોડી વારમાં તૈયાર થયા, ને પોતાની માતુશ્રીને મળીને શેહેર બાહાર ચાલી નીકળ્યા. બાપના રાજ્યની હદ ઓળંગી આગળ જતાં એક અઘોર વનમાં પહોંચ્યા, અને સાંજ પડી જવાથી તેમણે ત્યાંજ પડાવ કીધો. ત્યાં એક સરોવર હતું, તેના કિનારા ઉપર એક બાજુએ અંબિકાનું, અને બીજી બાજુએ કાળિકાનું, એ પ્રમાણે બે વનદેવ્યાનાં સ્થાનક હતાં. નાનો ભાઇ ટીમણ કરી સરોવરમાંથી પાણી લેવા ગયો, ત્યાંથી આવતાં ત્યાં લખેલા લાલ અક્ષરો તેના વાંચવામાં આવ્યા, "કે માનવીએ

અહીં રાત્રિ રહેવું નહીં, ને સરોવરમાંનું જળ પીવું નહીં. નહિંતો તે મહા કષ્ટ પામશે., નાનાએ પાણી પણ પીધેલું અને ત્યાં ઉતરેલો તેથી તે આગમચેતીને લીધે શોકાતુર થયો. પણ તેણે વિચાર્યું કે, હું મરીશ તો મરીશ, પણ હવે મારા વડીલ ભાઇને બચાવું. તેથી તેણે માતાની વાત મોટાને કરી. ને ત્યાંથી નીકળી આગળ જઇ પડાવ કરવાને તેને વીનવ્યો. પણ મોટાએ તેની વાત ન માનતાં હઠ લીધી, તેથી બંનો ત્યાં વારાફરતી ચોકી કરતા સુતા."

અંબિકા અને કાળિકાનું મંદિર તથા સરોવરનું પાણી એટલાં વાનાં સાંભળતાંજ માનસિંહનું મન આકુળવ્યાકુળ થઇ ગયું, ને હવે તેનાથી મનને વારી શકાયું નહીં, તેથી બોલી ઉઠ્યો, "અરે, હવે તો ખરેખરજ, તે બંને હું ને મારો ભાઇ." દાસીએ ઝટ વાત બંધ કરી. રાજાએ ઘણો આગ્રહ તે સાંભળવા અને ફરી ચાલુ કરવા માટે કર્યો, પણ દાસી એકની બે થઇ નહીં, એટલે રાજા અનેક તરેહના વિચારોના વમળમાં પડેલો પોતાને મોહોલે ગયો.

ત્રીજી રાત્રે માનસિંહ આવ્યો, અને દાસીએ આદર કરી પાછી અધુરી રહેલી વાત ચલાવી:—

"વડો ભાઇ સુતો ત્યારે નાનો હાથમાં શસ્ત્ર લઇને ચોકી કરવા બેઠો. મધ્ય રાત્રિ થઇ એટલે અંબિકા અને મહાકાળી બંને વનદેવ્યાએ વન ચર્ચા જોવાને નીસરી. તેમણે નાનો કેમ ઉગરે તેની જુક્તિની વાત કહી બતાવી, તે પ્રમાણે તે વનનો મુણીશ્વર

નાગ તળાવની પાળે મણી મૂકીને વનમાં ચારો ચરવા ગયો એટલે નાના ભાઇએ તેનો મણી છાનોમાનો યુક્તિથી લેઇ લઇને મોટો ભાઇ ન જાણે તેમ તેની પાઘડીને છેડે બાંધ્યો. એ મણીના પરાક્રમથી મોટો ભાઇ સમુદ્ર ઉતરી ગયો ને કેટલેક દિવસે ધુતારાના નગરમાં ત્યાંની રાજપુત્રીને યુક્તિથી પરણ્યો, અને જન્મપર્યંત લોકોને ઠગવાનોજ ધંધો કરી મોટી થયેલી તે લાલસિંહ ધુતારાની કન્યાને તેણે પોતાને વશ્ય કરી લીધી. ત્યાં ઘણાક દિવસ મોજમજામાં કાઢ્યા પછી તે થોડેક દિવસે ભાગ્ય સંયોગે ચંદ્રાવતી નગરીનો રાજા થયો. પછી નાનો ભાઇ સૂતો, અને મોટો ભાઇ ચોકી કરવા બેઠો પણ તેટલામાં તે નિદ્રાવશ થયો તેવામાં નાગણીએ આવીને નહાનાને ડંશ કરયો. ડંશ થતાંજ તેણે જાગીને જોયું તો વડીલ ભાઇ સૂતો છે. પછી પોતાનું શબ નહિ બાળવાની પોતાના લોહી વતે મોટા ભાઇને આણલખીને તે શ્રી ભગવાનનું સ્મરણ કરતો મરણ પામ્યો.”

આટલું સાંભળતાંજ માનસિંહથી રહેવાયું નહીં એટલે તે એકાએક બોલી ઉઠયો—“ખરે, હુંજ અભાગિયો કે તે સમયે મારી આંખ્યો લાગી ગઇ ને મારો ભાઇ મૂવો. હાય, હાય, એણે મારી ચોકી જાગૃત રહીને કરી, પણ હુંજ કૃતઘ્ન થઇ સૂઇ રહ્યો. ને વળી એણે પોતાનું શબ બાળ્યા વગરજ મને ચાલી જવાની એણે આણ દીધી—અરે! હું વનમાં પશુ પક્ષી કરતાં પણ એના મનમાંથી ઉતરયો!” એટલું બોલતાં

તેની આંખ્યોમા ચોધારાં આંસુ આવ્યાં અને તે પાં
ત કરવા લાગ્યો. તે જોઇ દાસી બોલી, "રાજાજી વ
ળી તમે કેમ ભુલ્યા? તમે મિથ્યા શોક કરોછો. તમા
રો ભાઇ શો અને તમે શા? હું તો કંઇ જાણતીએ
નથી. મેં આપને પ્રથમથીજ કહ્યું છેકે એ મારી ધાવે
મને કહેલી વાત છે, ત્યાં તમે શાને વચ્ચે ગળે પડી
માથે ખેંચી લોછો? તમારો ભાઇતો તમો કહોછો કે મ-
રી ગયો; પણ હું જેની વાત કરૂં છોં તે તો પાછો
સજીવન થયોછે."

માનસિંહ તુરત બોલ્યો,—"હે દાસી? શું મા
રો ભાઇ સજીવન થયોકે? તેમ હોય તો મુને ઝટ ક-
હે. ને પછી તું જે માગીશ તે હું આપીશ. વળી
મારો ભાઇ જો જીવતો હોય અને તે તું મને બતા
વે તો હું તને મારૂં અર્ધું રાજ્ય આપું, અથવા કહે
તો મારી પટરાણી કરીને મારા અંતઃપુરમાં રાખું, અ
ને ઓ ચતુર દાસી વિશેષમાં હું છેવટનું એટલુંજ
કહુંછું કે હું તારો તે ઉપકારનો બદલો હરકોઇ પ્રકારે
વાળી આપું."

દાસી બોલી, "રાજાજી, આપ આકળા થયાછો.
હુંતો તમારા ભાઇને ઓળખતી નથી. પણ જો આ
પ મને વરવાનું વચન આપતા હોતો હું જે વાર્તા કહું
છું તે પૂરી કરીશ નહીંતો અહીંથીજ બંધ કરૂં છોં."
રાજાએ તુર્ત કહ્યું, "લે આ મારૂં અને મારી સાત
પેઢીનું વચન છે! હું તને જરૂર મારી રાણી કરીશ!"
ત્યારે દાસી બોલી, "રાજાધિરાજ, એ તો વચન આ

પ આજે આપોછો, પણ કાલે તે પ્રમાણે પળાવાના નથી. કારણ કે આજતો આપ કંઇ ચિત્તભ્રમિત થઇ ગયા છો, પણ વાત આગળ સાંભળીને જો કાલે તમારૂં વચન આપશો તોજ હું ખરૂં માનીશ. આજ તો હવે આપણી હંમેશની કબુલાત મુજબ પાછા મોહોળે પધારો." માનસિંહને આતુરતાતો બહુએ લાગીછે, પણ શું કરે? વચનથી બંધાયેલોછે એટલે તેનાથી કશી જક થાય તેવું નથી તેથી પોતાના મનથીજ સમજીને ચાલી નિકળ્યો. પણ હવે તો તેને જરાએ ચેન પડે નહીં. આ વાર્તાએ તો તેના મનમાં તરેહવાર લાગણી ઉભી કરી દીધી, ને તેના તે રાત્ર દિવસ ગમગીનીમાંજ ગુજરયાં.

હવે ચોથી સાંજરે રાજા પાછો હંસાવળીને મોહોલે પધારયો, ને દાસીએ વાર્તા ચાલુ કરીઃ—

"રાજાજી, પછી ત્રીજે દિવસે લાખા વણજારાની પોઠ તે વનમાં આવી. તેમાં તે વાણજારાની કુંવારી કન્યાને એવું વ્રત હતું કે "હું જે પર નરનું મ્હોં જોઇ તેને અડકું તેનીજ સાથે મારે લગન કરવું અને તેજ મારો પતિ" આથી તે કન્યા પોતાની પોઠ સાથે એ વનમાંથી જતી હતી, તેવામાં તે નાના ભાઇનું પડેલું શબ તેણીએ જોયું, અને તેને ઉઠાડવા માટે પાસે જઇ અડકી ઉઠાડે છે તો તે મુવેલો દીઠો. આથી તેણી તે શબની સાથે બળી સતી થવા તૈયાર થઇ. તેવામાં ઇશ્વર કૃપાથી એક વૃદ્ધ બ્રાહ્મણે આવીને તેનું ઝેર ઉતાર્યું, ને તેને સજીવન કરયો. વનજારાની સતી

કન્યાએ તેને વરવા માગ્યું, અને તાકડે તે બ્રાહ્મણ પણ પાસે હોવાથી તેમનાં ત્યાંજ લગ્ન કરાવી દીધાં. સતીએ સત્ય ચઢાવીને જોયું તો રાજકુંવરે માતાના તળાવનું પાણી પીધું તેથી તેને માથે હજી ત્રણ ઘાત બાકી છે, તેથી તેને ચેતાવ્યો. તે કારણથી તે સુજ્ઞકુમારે પોતાની નવલ પ્રિયાને તુરતને માટે પોતાના બાપની સાથેજ જવાને કહ્યું, અને તે બંને પતિપત્ની તેજ વખતે પરસ્પર પત્યે ઘણાજ પ્રેમદાખલ એક બીજાથી છુટાં પડયાં. કુંવર તે વખતે પોતાના ઘોડા ઉપર સ્વાર થઇ વનમાંથી ચાલી નિકળ્યો. ચાલતો ચાલતો તે ચંદ્રાવતી કરીને એક નગર હતું ત્યાં પહોંચ્યો. પણ રાત પડી ગઇ હતી તેથી શેહેરના દરવાજા બંધ થઇ જવાને લીધે તેણે ભાગોળેજ ઉતારો કર્યો. ચોકીઆતો તેનો ઠાઠમાઠ જોઇ લલચાયા હતા તેથી તે નિંદ્રાવશ થયો એટલે તેને ઊંઘમાંજ ઠોકી પાડી તેના શરીરને પાસેની એક ખાડમાં નાંખી આવ્યા. (આ સાંભળતાં માનસિંહનું હૈયું ઉભરાઇ આવ્યું.) બીજે દિવસે ત્યાં કુંભાર માટી ખોદવા આવ્યો તો ત્યાં અધ સસતું માણસ પડેલું જોઇ વિસ્મય પામ્યો, અને તે પાસે જઇ તપાસ કરી જોયું તો કોઇ ખાનદાનનું ફરજંદ હોય એવું જણાવાથી પોતાને પેટ કંઇ છોકરૂં ન હોવાને લીધે આજો સાજો થાય તો પોતાનું વાંઝીયાપણું તાળે એ વિચારથી ખુશી થતો તેને તે પોતાને ઘેર લઇ ગયો. ત્યાં તેને મલમ પટા કરીને સાજો કીધો, ને પોતાનો પુત્ર કરીને રાખ્યો. પછી એક સમે તે શેહેર

નાં નગર શેઠોએ પરદેશ વેપારને માટે વહાણ હંકા-
ર્યાં, પણ તેઓને કંઇ અવજોગ નડવાને લીધે તે કિ-
નારેથી ચાલી શકયાં નહિ, તેથી તેઓએ તેને ભોગ
આપવા માટે બત્રિશ લક્ષણો પુરુષ જોઇએ તેની ખો-
ળ કરતાં આખા શેહેરમાંથી માત્ર કુંભારને ઘેર તે રા
જકુંવરજ નિકળ્યો: અને તેને કુંભાર જાણીને તેઓ
ત્યાં લેવા આવ્યા. કુંભારે બે વખત તો તેમને મારી
કાઢયા—ત્યારે રાજાએ તેને પકડી લાવવા માટે પાંચસો
મોગલો મોકલ્યા. ઘણા મુગલો મરાયા તથા ઘાયલ થ
યા, પણ આખરે તેમણે કુમારને પકડી લીધો, ને બાં-
ધીને સમુદ્ર કિનારે વાણીઆઓ કને દવીને ભોગ આ
પવા તેને લઇ ગયા."

હવે તો માનસિંહથી ધીરજ રખાઇ નહીં. તે
તો એકદમ છાતીફાટ રડયો અને રડતાં રડતાં આવેશ
માંજ બોલીઉઠયો, "અરે! તે તો મારો માયાળુ અને
નિર્દોષ તથા બહાદુર કનિષ્ઠ ભ્રાતા! કે જેણે પોતાના
પ્રાણની કંઇ પણ કિંમત ન ધારતાં મને બચાવ્યો, અ
ને મારાજેવા ભાગ્યહીનને ભાઇ વગરનો કીધો તેજ
એ! કે જેનો મેંજ નીચપણે વિનાશ કીધો." દાસી
બોલી, "રાજાધિરાજ, આપ મિથ્યા શોકાતુર ન થા-
ઓ. આ વાર્ત્તા તદન જુદીજ છે, પરંતુ તમે ખોટી
રીતે પોતાના શિરપર તાણી લોછો." છતાં માનસિંહ
તો બાવરો થઇ ગયો, ને પોતાના ભાઇના વિયોગ ઉ-
પરાંત વળી તે પોતાને હાથેજ મરાયોછે એવું મનમાં
લાવતાં તેને એકદમ જોસ્સો ચઢી આવ્યો, અને તેથી

તે પોતાના માથાપરનો મુગટ નીચે નાંખી દઇ ઊંચા હાથ કરી બોલી ઉઠયો—"રે મારા પ્યારા ભાઇ, તું તારા માજણ્યા ભાઇને આંગણે, ને વળી તેને પોતાનેજ હાથે મરણનો ભોગ થઇ પડયો છે રે! હાય!" વળી દાસી તરફ ફરીને બોલ્યો, "અરે ભલી દાસી, તું મને સાચે સાચું કહે, કે મારો ભાઇ ઉગરયો કે નહીં? રે, શું. તે નિર્દોષના ઉપર કૃપાળુ ઇશ્વરે દયા ન કીધી? મારે ભાગ્યે તો નહીં, પણ તેની સ્ત્રી પેલી વણજારાની પુત્રીના ભાગ્યે પણ કંઇ જોર ન કરયું? કે તેને એટલાં એટલાં સંકટો વેઠવાં પડયાં? પણ દાસી, હું તને ખરા અંતઃકરણથી કહુંછું, કે મેં તને જે વચન આપ્યુંછે તેનું હું ફરીથી પુનરાવર્તન કરૂંછું કે તને જરૂર મારી પટ્ટરાણી કરીશ; પણ તું મને મારો ભાઇ કયાંછે તે જલદી બતલાવ. વળી તે જો તું બતાવશે તો મારી પટ્ટરાણી થવા ઉપરાંત તેં મને જીવતદાન આપ્યું ગણાશે." આટલું છતાં પણ દાસી તો બોલી કે, "મહારાજ, આપતો મિથ્યા ગળે પડો છો માટે હવે તો કાલે આવજો. હવેથી મારી વાર્તા નિયમ પ્રમાણે બંધ કરૂંછું." આથી રાજા લાચાર થઇ પાછો પોતાને મેહેલ ગયો.

પાંચમી રાત્રે દાસીએ વાત આગળ ચલાવીઃ—

"જ્યારે સમુદ્ર કિનારે હરામખોરોએ તે કુંવરના ઉપર તરવાર ઉગામી, ત્યારે તેણે તે ચંડાળ જેવા નિર્દય વાણીઆઓને વિનય કરીને કહ્યું, "અરે પુણ્યવંત સાહુકારો, તમે સર્વ વાતે સમજોછો, માટે મારૂં

કહ્યું માનો તમારે માત્ર વહાણ ચલાવવા સાથેજ કામ છે નો? ત્યારે પછી મિથ્યા શા માટે મને મારવો જોઇએ? હું તમારાં વહાણ ચલાવી આપું. પછી તેણે પોતાની આંગળીમાંથી લોહીનું ટીપું વહાણના સુકાન પર ભોગ તરીકે છાંટતાં વહાણ સડસડાટ ચાલતું થયું, વાણીઆઓએ વિચાર્યું કે આ કાંઇ નજરબંધી જાણાયછે તેથી તેઓ તેને વહાણમાં સાથે લઇ ચાલ્યા. ઇશ્વર ઇચ્છાથી તે વહાણે વાયુ અનુકુળ હોવાથી જાવાને બંદરે લંગર કર્યું. થોડા દિવસમાં જાવાના રાજાએ પોતાની દીકરીના સ્વયંવર રચ્યો, ત્યાં હાથણીએ પેલા કુંવર ઉપર બેવાર કળશ ઢોળ્યા. પરંતુ પેલા વાણીઆઓએ મારી કાઢ્યો કે આતો હમારો નોકર ને વળી જાદુગર છે, તેથી તેણે હાથણીને ભમાવી હશે. પછી છેવટે હાથીને શણગારી લાવ્યા, તો તે હાથીએ તો વળી તેની પાછળ રેલતો જઇ તેને પીઠપર બેસાડીને તે સ્વયંવર મંડપમાં લાવી મૂક્યો. આથી જાવાની રાજપુત્રીએ તેને તુરતજ વરમાલ આરોપી. લગ્ન થયા પછી ત્રણ વર્ષ સુધી રાજપાટ ચલાવી તેણે સુખ ચેનમાં દિવસો ગુજાર્યા."

માનસિંહ એ સાંભળી પાછો હર્ષમાંજ બોલી ઉઠ્યો. "શું મારા પ્યારા ભાઇને એ પ્રમાણે વૈભવ મળ્યો કે? આ મારા ભાઇ માટેના હર્ષમાંજ તું જે વચન માગે તે આપું છું. બોલ. તું રાજ્ય માગતી હોયતો તને રાજ્ય આપું, ને રાણી થવા માંગતી હોય તો પટ્ટરાણી કરીને સ્થાપું, પણ કહે! મારાં ભાઇ ભોજાઇનું

મારાથકી લાંબા વિયોગ પામેલું જોડું હવે સુખમાં છેકે? એ રાજા રાણીના સુખભોગમાં કંઇ ન્યૂનતાતો નથી કે?"

અંદરથી અભયસિંહ ને હંસાવળી આ સાંભળીને બહુજ હરખ પામ્યાં કે ધન્ય છે, વડીલ ભાઇનું ખરૂં હેત હજીસુધી પૂર્ણ અને સ્થાયી છે. પણ દાસીએ પોતાની દૃઢતા છોડી નહીં ને બોલી, "હે રાજન્ તમો ઘડીકમાં હરખાઓછો ને ઘડીકમાં શોકાતુર થઇ જાઓ છો—પણ વાત કોણ જાણે કોની, ને વળી તેને કેટલાંએ વર્ષો વીતી ગયાં હશે, કે જે મેં નહાનપણમાં મારી ધાવ પાસેથી સાંભળી હતી. પણ તમે તો તમારો ભાઇજ સમજોછો! ભાઇ થતો હોયતો ભલે! તેને આપણે કાલે ભેટીશું." માનસિંહ બોલ્યો, શું મારો વિયોગી ભાઇ તારી કનેછે કે? મને તે દેખાડ અને મારી છાતી સરસો ચાંપી મારા કોડ પૂરા કરવા દે. વેહેલીથા. તારાં લગન પણ ત્યાંજ લેવડાવું, પણ જેમ બને તેમ મારો ભાઇ મને ભેટાડ પણ અરે દાસી! તું ઘણીજ હઠીલી, અને વજ્ર દિલનીછે." દાસી બોલી, "રાજાધિરાજ, હવે તો જે હોય તે કાલે રાત્રે. તમે ફરી વચ્ચે બોલ્યા એટલે હું મારી વાર્તા હવે બંધ કરૂંછો. જો આગ્રહ કરશો તો વચન હારશો," એ સાંભળી રાજા તુરત ચાલી નિકળ્યો.

છઠ્ઠી સાંજરે તો રાજા ખુબજ આતુરતાથી હંસાવળીના મેહેલે ત્વરાથી ગયો, અને દાસી પાસે વાર્તા ચાલુ કરાવી. દાસી બોલી:—

"મહારાજ, મારી ધાવ કહેતી કે વણિક જાતી

સ્વભાવિક રીતે સ્વાર્થી અને નીચછે, માટે તેના વિશ્વાસ કદી કરવો નહીં. વાણિઆ આવા દગલબાજ હોય:—

સ્થાનક બેઠા સિંહ, હોય વનમાં તો હરણું,
સ્વાર્થ આગળ શિયાળ, તમ આગળ તો તરણું,
ભોજન કામે ભીમ, મૈથુને શ્વાન સરીખો.
ભય આગળ અતિ દીન, બળીપે બેહેરા પરખો;
સેવજો કાછિયા માછિયા, મર ગોલા કે ઠાણિયા,
સામળ કહે અર્થ સરે નહીં, વખાણી સેવ્યે વાણિયા.
સર્વે ભરેછે પેટ, વણીક ભરેછે વાંસો,
જર મુકવા કો જાય, પાછું લેવાનો સાંસો;
હીંગ મરિચ ને લુણ, માંહી જુ વાળી નાંખે,
સગાં સંબંધી સર્વ, હેત કોનું નવ રાખે;
સેવજો કાછિયા માછિયા, મર ગોલા કે ઠાણિયા;
સામળ કહે અર્થ સરે નહીં, વખાણી સેવ્યે વાણિયા.
સેવો નિર્દય નીચ, સેવો વસવઇયા વાઢુ,
સેવો કોઇ અકર્મિ, ખાત્રપાડુ કે ખાડુ;
સેવો ભાંડ ભવાઇ, સેવજો જાચક જોગી,
સેવો વરણ અવરણ, સેવજો ભિક્ષા ભોગી;
સેવજો કાછિયા માછિયા, મર ગોલા કે ઠાણિયા;
સામળ કહે અર્થ સરે નહીં, વખાણી સેવ્યે વાણિયા.

હવે પેલા વાણીઆઓ જાવામાં પોતાનો માલ વેચી રહ્યા એટલે ઘરની સફર માટે તૈયારી કરી. પછી વહાણોમાં પોતાના ખરનો માલ ભરી તેની જકાત માફ કરાવવા માટે તેઓ રાજકુંવર પાસે ગયા. ત્યાં જઇ તેને કહેવા લાગ્યા કે, "મહારાજ, અમારા

દેશમાં એક પરદેશીને ઓચિંતું રાજ્ય મળ્યું છે.” તે નવા રાજાનું નામ સાંભળતાં કુમાર ચેત્યા કે, એ તો જરૂર મારો મોટો ભાઇજા! ને મેં જે એની પાઘડીમાં મણિ મેલ્યો હતો તે એને ફળ્યો. આથી પોતાના માજણ્યા ભાઇની ભેટ લેવા સારૂ તે વાણિઆ ઓની સાથે પોતે પણ સફરે નિકળ્યો. તેની સાથે તેની રાણી ને વિશ્વાસુ દાસી હતી. થોડા માસ તેઓ એ સાથે સફર કરયા બાદ તેઓની ઋદ્ધિ સિદ્ધિ જોઇને પેલા હરામખોર વાણિઆઓની દૃષ્ટિ બદલાઇ, તેથી તેમણે રાજાને કસુંબા પીવા બોલાવીને માંહે ઝેર આપ્યું, ને સાંજ ટાણે તેની લોથ રાણી પાસે લાવ્યા. રાણી તો આ બનાવ જોઇ ગભરાઇ ગઇ; પણ દાસીએ તુરત સમય સૂચકતા વાપરી પોતાની સાથેના સામાનમાંથી ઝેર નિવારક બુટ્ટી કાઢીને તેને ઘસી પાઇ નું ઝેર ઉતારી તેને એક મોટી પેટીમાં બંધ કરી રાખ્યો. કેમજે પેલા હરામી વાણીઆઓ જો તેને જીવતો થયલો જાણે તો પછી તેઓ ગમે તે ઉપાયે તેને મારવાને ચુકે નહીં. રાત્રિએ રાણી અને દાસીએ એક ગાભા વગેરેનો મોટો ગાંસડો બાંધી દરિયામાં નાખી દઇને રાજા મરી ગયો એવી પોક મૂકી. આથી વાણિયા રાજી થયા, અને તેઓએ આવીને રાણીને કહ્યું કે અમારો નવો રાજા હાલ કુંવારો છે તે વેરે તમને પરણાવીશું. તે પેટામાં તમે અમને આ તમારાં ત્રણે વહાણ આપી દેજો; ને રાજા અમને બે ગામ આપશે.

માનસિંહથી રહેવાયું નહીં તેથી તે તુરત વચ્ચે બોલી ઉઠ્યો,–શું તે ચંડાળો, મારા ભાઇને આટલું આટલું કષ્ટ દીધા પછી વળી મને તેની સ્ત્રી સાથે પર ણાવવાના હતા કે? અરે! અરે નાના ભાઈની વહુને હું વરત એ કેવું મોટું પાતક! અરે આજને આજ એ દુષ્ટોના આખા કુળનું નિકંદન કાઢી નાંખું. નહીં તો મારાં માતપિતાને મેં લજવ્યાં. અરે ભલી દાસી, મને કહે, કે મારા ભાઈની સૌભાગ્યના બળવાળી રાણી ક્યાં છે, અને મારા લાડકડા ભાઇને તેં ક્યાં સંતાડ્યો છે? હે દાસી, તું ચતુરશિરોમણી છે. તારાથીજ હવે મારૂં આ જીવતર છે. આજથી તુંજ મારી પટ્ટરાણી, ને મારા અર્ધા રાજ્યની તુંજ ધણીયાણી છે. તુંજ મારૂં અર્ધું અંગ છે–માટે મારાં ભાઇ ભોજાઇ મને દેખાડ.”

દાસી બોલી, “રાજાધિરાજ, વળી તમે વચમાં બોલ્યા! પણ હશે આ વખત તો હું વચન હારૂં છીં ને તમને વાર્તા પૂરી નિવેદન કરૂં છીં:—

વાણિયાઓએ રાણીને જે કહ્યું તે દાસીએ તેની તરફથી કબુલ કરયું. પણ તેણે એટલું માગી લીધું કે, ચંદ્રાવતી પહોંચતાં રાજાને કહી અમને એક ઇલાહેદા મેહેલ અપાવવો. ત્યાં માસ છ માસ રહીને અમો રાણીને સમજાવશું, ને તમારા રાજા જોડે લગ્ન કરાવશું. રાજાએ જે ઇલાહેદા મેહેલ તેઓને સોંપ્યો, તેમાં તેમના સઘળા સરંજામ ભેગી કુંવરને સંતાડેલી પેટી પણ તેઓએ ઉતારી (હવે માનસિંહ પેટી સારૂ

અહીં તહીં જુએછે) તેટલામાં દાસી બોલી, "હવે મારા પ્રાણ પ્યારા ! મારા કંથ ! મારા શિરછત્ર ! મહારાજા ધિરાજ ! ચેતજો– વડો ભાઇ તે માનસિંહ અને નાનો ભાઇ તે અભયસિંહ આવ્યા !" એટલું કહેતાં વારજ અભયસિંહ પેટીમાંથી છલંગ મારી બહાર આવી ઉભો એટલે માનસિંહ પણ તુરત તખ્ત ઉપરથી હેઠો ઉતરી પડયો. જેમ લોહ અને ચુંબક પાસ પાસે આવતાંજ એકદમ એક બીજા સાથે લુટી પડેછે, તેમ આ બંને ભાઇઓ એકબીજાને જોતાંજ ભેટી પડયાં, અને એકાએક તેમનાં ચક્ષુઓમાંથી હર્ષાશ્રુઓની નદીઓ વેહેવા માંડી. એ બંને એવા એક બીજાને વળગી પડયા કે ઘણો સમય વીતી ગયા છતાં છુટા પડી શકયા નહીં, અને તેઓના એકબીજા પ્રત્યેના આવા અનિવાર્ય પ્રેમને લીધે ગદગદિતકંઠ થઇ જવાથી તેમનાથી કલાકના કલાક સુધી એકપણ શબ્દ બોલાઇ શકાયો નહીં. આહા ! મારા પ્રિય વાંચનાર ! આવે સમયે આ બંને પ્રેમના સાગર ઉલટીને એક બીજાને મળ્યા. આ વખતે તેઓને કેટલો બધો અનિર્વચનીય આનંદ થયો હશે તેનો વિચાર કરવાનું હું તમનેજ સોંપુ છું.

આ બંને ભાઇઓ હવે પરસ્પર પ્રેમના સાગરમાં ડુબેલા છે, એવામાં હંસાવલી બહાર આવી, અને પોતાની દાસી પાસે જઇ બોલી, "બેન, તારી ચતુરાઇએ તો અવધી કરી દીધી. ધન્યછે, ધન્યછે તને; મારી વહાલી, તું મારી દાસી નહીં, પણ મારી અ

ને મારા પ્યારા પતિના જીવનનું કારણ છે. તું મારી મોટી બહેન છે, ને તારા વડેજ અમો આટલે લગણ કુશળક્ષેમ પહોંચેલા છીએ. ખરે, મારા કરતાં મોટપને અને જેઠાણીનું પદ ભોગવવાને તો તુંજ લાયકછો"

સોરઠો.

કર્મ તણા જે ભોગ ભોગ્યા વિણ છુટે નહીં.
એવો એ સંજોગ, ટાળ્યો કોથી નવ ટળે.
રાજકુંવર દો ભાઇ કરમગતે છુટયા પડયા;
આવી મળિયા આંઇ, ઇશ્વરની કરુણા થકી.
ધન્ય ધન્ય કિરતાર, અકળ ગતી તારી કહું;
લીલા અપરમપાર, કર્તું મ કર્તું આપછો.

હવે પ્યારા વાંચનાર! આપણા આ વાર્તાના નાયક માનસિંહ અને અભયસિંહ બંને પ્રભુ કૃપાથી ભેગા થયા, પણ હવે તેઓને પોતાનાં માતપિતા સાથે નો ઘણા દિવસનો વિયોગ આપણે ક્યારે ટળી ગયેલો જોઇશું! તેઓ હવે આ ચંદ્રાવતીમાંથી થોડાજ સમયમાં જોધપુર તરફ જશે.

હવે માનસિંહે પોતે આપેલા વચન પ્રમાણે ઘણી ખુશીની સાથે હંસાની દાસીને પોતાની પટરાણી કરી તેની સાથે મોટી ધામધુમથી લગ્ન કીધાં. પછી તેઓ બંને ભાઇઓ પોત પોતાના સ્ત્રી કુટુંબ સહિત આનંદમાં તે શેહેરમાં વસવા લાગ્યા. માનસિંહે પરણીને બીજેજ દિવસે પેલા વાણીઆઓ કે જેઓ અભયસિંહના શત્રુ રૂપ હતા તેમને તેઓનાં ઘરબાર લુટી લઇ, વિરૂપ અને બેહાલ કરી પોતાના દેશનો સરહદ

પાર કરી દીધા; ને અભયસિંહને રાત્રિ સમયે ચંદ્રાવતીના દરવાજા આગળ મારીને ખાડામાં નાંખી દેનાર ચોકીદારોને દેહાંતદંડ કીધો. પછી પેલો કુંભાર કે જેણે અભયસિંહને ખાડામાંથી પોતાને ઘેર લઇ જઇ સાજો કરયો હતો, ને પોતાનો પુત્ર કરી લઇ તેને સૌ કરતાં વહાલો જાણતો હતો, તેને તેઓએ દરબારમાં તેડાવ્યો, અને તેને ખુબ આદર સત્યકાર કરી પોતાને મન ગમતું ઇનામ માંગવાને કહ્યું કુંભારે કંઇ પણ માગવાની ઇચ્છા ન જણાવતાં છતાં તેઓએ તેને એક મોટી જાગીર આપી; પછી તે બંને ભાઇઓની ખેરાદને માટે તેઓએ પુષ્કળ દ્રવ્ય ધર્માદા ખરચ્યો, અને ગરીબગુરબાં સહુને સુખી કરયાં.

આ પ્રમાણે તેઓ આનંદ ચંદ્રાવતીનું રાજ્ય કરતા હતા, અને ઘણાજ સુખમાં દિવસ ગાળતા હતા. એમ કરતાં ઘણા માસ વહી ગયા. પછી એક સમયે એવું બન્યું કે—તેના દ્વાર રક્ષક-સિપાઇઓ દરબારમાં દોડતા આવ્યા, અને કહેવા લાગ્યા કે, કોઇ મોટું સૈન્ય આપણા કિલ્લા પર ધસી આવેછે. કે જેને આવતું સાંભળી તેના ભયને લીધે શેહેરમાં એકાએક મહા ભય વર્તાઇ ગયો છે; અને લોકોએ તેમના જાત માલનું રક્ષણ કેમ કરવું તેના મોટા ગભરાટમાં પડી ગયા છે. આ વાત સાંભળતાંજ માનસિંહ અને અભયસિંહ બંને ફોજ સહિત ચઢી દરવાજા બહાર આવી ઉભા. ત્યાંથી અભયસિંહે ખબર કાઢવા માટે પોતાનો ઘોડો કેટલાક સવારો સાથે મારી મેલ્યો.

આ સૈન્ય પેલા લાખા વણજારો, કે જે અભય સિંહનો સસરો થતો હતો તેનું હતું. અભયસિંહતો ઘોડો મારતો તેના સ્વારો વચ્ચે પેઠો. કેટલાકોએ તેને ઓળખી લાખાને તેની જાણ કરી. એટલામાં તે લાખાની દીકરીનો મેનો નજીક આવ્યો, અને દાસી ઓ અભયને જોઇ બોલી, "બાઇજી, માનો કે ન માનો, પણ લમાગ રાજાજી ઘોડેસ્વાર થઇ આવેછે." રાણીએ બારણાં ઉઘાડી જોતાં તુરત તેને ઓળખ્યો એટલે લાગલી તે મેનામાંથી નીચે ઉતરી ગડી. અ-ન રાજાને ઘણાજ પ્રેમથી ભેટી પડી!—લાખો પણ અ-ભયસિંહને મળ્યો. ચંદ્રાવતીના અધિપતિને સંદેશો પહોંચાડયો કે કોઇ શત્રુ નથી પણ મિત્ર છે, હવે અ-ભયસિંહ આ સૈન્યને નગરમાં આવવાનું કહી પોતા-ની પ્રિયાનો મેનો સાથે લઇ નગર તરફ આવવા નિ-કળ્યો એટલામાં સામી બાજુએથી બીજી ગિરદ ઉડ-તી જણાઇ. વળી ફોજ ચિંતાતુર થઇ. અભયસિંહ મેનો છોડીને ભાઇ તરફ આવ્યો, તો ભાઇ તે ઉડતી ગીર્દની તપાસને માટે આગળથીજ ઘોડો દોડાવી ગય લો હતો, તેથી ભાગોળ પાસે ભાઇની જગા સાચવી તે ઉભો.

માનસિંહ જેવો તે આવતી સેનામાં દાખલ થયો કે તુરત દૂરથી તેને એક હાથણી ઉપરની અંબાડીમાં એક અપસરા જેવું રૂપ દેખાયું. પણ નજદીક જતાં હાથણી બેઠી, ને પેલું રૂપ તે પરથી નીચે ઉતરી માનસિંહને ખુબ પ્રેમથી આલિંગન કરી પડયું. પ્રિય

વાંચનાર! આને તેં ઓળખી કે? આતો આપણા માનસિંહની રાણી લાલણ છે તે લાલસિંહના ધુર્ત નગરથી માનસિંહની શોધ કરતી આવીછે. આ વેળા ચંદ્રાવતીમાં તો એક મોટો ઉત્સવ થઇ રહ્યો, એ લાખતો પરોણા ઉતરયા છે. માનસિંહની દરબાર આ વેળા નવીન યોદ્ધા, અને દરબારીઓથી ભરાઇ રહેલી છે. તેવામાં એક નવીનજ અને તાંજાવર કદનો મોટો યોધ્ધો કચેરી વચ્ચે ધમધમાટ ચાલ્યો આવ્યો, અને રાજાના હાથમાં એક મોટો લાખોટો આપી સલામ કરી ઉભો. તેને જોધપુરના કુમારોએ ઓળખી, બોલાવ્યો, અને સત્યકાર કરયો. લાખોટો દિવાને વાંચી જોયાથી ચંદ્રાવતીના દરબારીઓને પેહેલીજ વાર આજેજ રાજકુમારો માનસિંહ—અભયસિંહના કુલીનપણાની જાણ થઇ. પછી બંને કુંવરોને પોતાનાં માતપિતાં સાંભરતાં તેમનાં હૈયાં ભરાઇ આવ્યાં, અને પછી વૃદ્ધ દિવાનને ચંદ્રાવતીનો સઘળો રાજ્ય કારભાર સોંપી બંને કુમારો હાલ મચેલા સઘળા મહિમા સાથે પોતાના બાપના તેડાવ્યાથી જોધપુર ગયા. જોધપુરની સઘળી રૈયત તથા રાજા રાણી ભેગાં થયાં, ને રાજકુમારો શહેરમાં દાખલ થયા ત્યારે તેમને મોતીડે વધાવી લીધા.

સોરઠો.

જય જય આજ સુદિન જય જય ઘડી પળ આજની;
જય જય જય શ્રીરંગ, રાજકુંવર ઘેર આવિયા.

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકોના નામ

નેકનામદાર મહારાજા ધિરાજ મિરઝાં મહારાઓ શ્રી ખેંગારજી સવાઇ બહાદુર કે. સી. એસ. આઇ.	૨૫
,, બજાણાના દરબાર સાહેબ	૧૦
,, મહારાણા શ્રી વખતસિંહજી	૬
ગાંધી ગોકુળચંદ કેવળદાસ કપડવંજવાળા	૫
રા. રા. મણિભાઇ જશભાઈ નાયબ દીવાન	૪
શેઠ જગજીવન ઝવેરચંદ	૨
પારેખ નંદલાલ વિ. વલભદાસ	૧
પરશોતમદાશ દુલભદાસ છાપખાનાવાલા	૧
નેકનામદાર વલાના દરબાર સાહેબ	૧
,, રાણા શ્રી જામસિંહજી	૧
,, રાણા શ્રી કેશરીસિંહજી વજુભાઇ	૧
સા. રા. તાત્યાજી ભગવંતરાવ	૧
શેઠ જેઠાલાલ બાપાભાઇ	૧
,, હાજી અબ્દરેમાન હાજી અબુબ	૧
મેતાજી હરજીવન ઠાકરશી	૧
શેઠ લલુભાઈ મથુરાંદાશ	૧
,, સ્વરૂપભાઇ અજાભાઇ	૧
,, પદમશી સોમચંદ દોશી	૧
મેહેતાજી જાદવજી પુંજાજી	૧

મુંબઇના

શેઠ જેઠાભાઇ કાલીદાશ	૧
,, જેરામ વેલજી	૧
,, ત્રીભોવન શંકરલાલ	૧

શેઠ મહમદઅલી કમરૂદીન	૧
,, જેઠાભાઈ મોરારજી	૧
,, શુંદરજી નરશી	૧
,, રતનશી અરજણ	૧
,, મનુ શુંદરજી	૧
,, હીરાચંદ વીઠલદાશ	૧
રજપુત ખુશાલ રઘુનાથ	૧
મેમણ ઈશમાલ ઓશમાણ	૧
શેઠ શુંદરદાશ ગોકલદાશ	૩
શેઠ દામોદર માધવજી	૧
,, આણંદજી ગીરધર	૧
,, મનુલાલ ગીરધરદાશ	૧
,, દેવીદાશ હરીભાઈ	૧
,, લાલજી નારણ	૧
,, ગવરીશંકર ભીમજી	૧
,, જેઠાભાઈ નારણજી	૧
ભટ નંદરામ કમલાકર	૧
શેઠ હરજીવન મેગજી	૧
,, રામજી મુલજી	૧
,, લખમીચંદ કાલીદાસ	૧
,, કરશનદાશ વીરજી	૧
ભટ રૂગનાથ ખીમજી	૧
શેઠ ભાઈચંદ હરજીવન	૧
,, વરજલાલ નાથજી	૧
,, લખમીદાશ દામોદર	૧
,, ધરમશી પ્રરમાનંદ	૧
,, શામજી નારણ	૧

,, પ્રાગજી ભવાન	૧
,, ઠાકરશી ગોવીંદ	૧
,, જેઠાલાલ પ્રેમજી	૧
શેઠ લખમીદાશ જેઠા	૧
,, કરશનદાશ તુલશીદાશ	૧
,, અનુપરામ જદુરારામ	૧
,, વીઠલદાશ પરશોતમ	૧
વોરા ઇસુફઅલી ખુદાભાઈ	૧
શેઠ માધવજી ઘેલાભાઇ	૧
મુલતાની ગણેશદાશ દેવીદાશ	૧
ખવાસ રાઘવ વિ૦ કાનજી	૧
ખોજા વલીભાઇ હીરજી મસકાવાલા એન્ડ સન	૧
દોશી દુવારકાદાશ છગનલાલ	૧

જાહેર ખબર.

सहस्वाति माहात्म

સરસ્વતી (વિદ્યા અથવા વાણી.) એ નામતો કોઇ-થી અજાણ્યું નથી. પરંતુ એ મહા પવિત્ર દેવીનો કેટલો પ્રભાવ છે, અને આ જગત્માં પ્રત્યેક મનુષ્ય પ્રાણીને તેમની સાથે કેટલો બધો સંબંધ છે, એ જાણવું અવશ્યનું છે. એ મહાદેવી સરસ્વતી તે કોણ અને તેઓ આ જગતને પાવન કરવા માટે કેવી રીતે ભૂતળ ઉપર નદી રૂપે પધારયાં તે આ આખ્યાનમાં જણાવવા ઉપરાંત પ્રસંગો પાત જૂદાં જૂદાં મનને પ્રસન્ન કરે એવાં અને પૂર્વની નીતિ રીતિ દર્શાવનારાં ઘણાં રસિક આખ્યાનો એમાં સમજાવ્યાછે. આ ગ્રંથ મૂળ સંસ્કૃતમાં હોવાથી એને મૂળસંસ્કૃત તથા ગુજરાતી ભાષાંતર સહિત છપાવવા માંડયુંછે જે ટુંક મુદતમાં છપાઈ બહાર પડશે. એના આગળથી થનાર ગ્રાહકો પાસે રૂ૨) તથા તે સાથે સુંદર એક ધર્મ પુસ્તક ભેટ આપવામાં આવશે. બહાર ગામના ગ્રાહકોને ટપાલ ખર્ચ જુદું પાછળથી લેનારને રૂ૨) પડશે પણ ભેટ પુસ્તક મળશે નહિ. ગ્રાહક થનારને નીચેને શિરનામે લખવું. આગળથી ગ્રાહક થનારનાં નામ ગ્રંથ સાથે છાપવામાં આવશે.

હરજીવન કેવળરામ રાવળ

ઠે. ભુલેશ્વર, કલ્યાણદાસ કિરપારામની ચાલી—મુંબઈ